₹ ૨૦/-

# શ્રી માતાજીનાં ચાર વ્યક્તિસ્વરૂપો



# પ્રભુ અર્પણ

## એપ્રિલ - ૨૦૨૧

(શ્રી અરવિન્દ અને શ્રી માતાજીની શબ્દસુધા)

# Matter shall reveal the Spirit's face

*Sri Aurobindo*

શ્રી કૃષ્ણની ભક્તિ તેમ જ શ્રી માતાજીની દિવ્યતાના ખ્યાલની લાગણી વચ્ચે તમારી અંદર આ જે સંઘર્ષ ચાલી રહ્યો છે તે સર્વથા બિનજરૂરી છે, કારણ કે આ બંને વસ્તુ (શ્રી કૃષ્ણની ભક્તિ અને શ્રી માતાજીની દિવ્યતાની લાગણી) એ એક જ વસ્તુ છે અને એ બે વચ્ચે કોઈ સંઘર્ષ સંભવી શકે નહિ. શ્રી કૃષ્ણ જ તમને અહીં, શ્રી માતાજી પાસે લઈ આવ્યા છે અને શ્રી માતાજીની ભક્તિ દ્વારા જ તમે શ્રી કૃષ્ણનો સાક્ષાત્કાર કરી શકશો. શ્રી કૃષ્ણ અહીં આશ્રમમાં હાજરાહજૂર છે, અને અહીં જે કાર્ય થઈ રહ્યું છે તે શ્રી કૃષ્ણનું જ કાર્ય છે.

**શ્રી અરવિન્દ**

(Cent. ed. Vol 23 P. 56)

જો તમારે આ રૂપાંતર પ્રાપ્ત કરવાની ઇચ્છા હોય તો કોઈ પણ પ્રકારનો વિરોધ કર્યા વગર કે ખોટાં બહાનાં કાઢયા વિના તમારી જાતને મા ભગવતી અને તેની શક્તિઓના હાથમાં સોંપી દો. અને તમારા અંતરમાં તેને પોતાનું કામ નિર્વિઘ્નપણે કરવા દો. તમારામાં ત્રણ વસ્તુઓ હોવી આવશ્યક છે : સચેતનતા, નમનીયતા અને અશેષ સમર્પણ. તમારે તમારા મનમાં, અંતરાત્મામાં, તથા હૃદયમાં અને પ્રાણમાં, છેક તમારા શરીરના અણુએ અણુમાં – પ્રત્યેક કોષમાં – સચેતન બનવું જોઈએ.

શ્રી અરવિન્દ

('મા' પુસ્તિકા)

# પ્રભુ
# અર્પણ

(આધ્યાત્મિક વિકાસ, એ જ આપણા પૃથ્વી પરના જીવનનો ખરો હેતુ છે.)

## શ્રી અરવિન્દ સોસાયટી, વડોદરા.

એપ્રિલ – ૨૦૨૧ વર્ષ : ૦૬ અંક : ૪

# અનુક્રમ


| | |
|---|---|
| આદ્યશક્તિ | ૦૬ |
| ચાર મહાન વ્યક્તિસ્વરૂપો | ૦૯ |
| માહેશ્વરી | ૧૧ |
| મહાકાલી | ૧૫ |
| મહાલક્ષ્મી | ૧૯ |
| મહાસરસ્વતી | ૨૫ |
| શ્રીમાતાજીનું આનંદ સ્વરૂપ : આનંદની માતા | ૨૯ |
| પ્રતિમાઓ અને છબીઓ | ૩૪ |

*

| | |
|---|---|
| વૃત્ત વિશેષ | ૩૮ |
| FORM IV | ૪૨ |


*

**તંત્રી નોંધઃ** બ્રહ્માંડમાં કાર્ય કરતી શક્તિઓ તે અંધ યાંત્રિક શક્તિઓ નથી. એ છે સચેતન શક્તિઓ અને સ્વરૂપો, જે સદાને માટે વિશ્વના વિધવિધ કાર્યોમાં વ્યસ્ત રહેતાં હોય છે. એ શક્તિઓ છે અસંખ્ય, અને છતાં એ શક્તિઓનું અંતે ચાર મહાન શક્તિઓમાં પૃથક્કરણ કરી શકાય છે. એ ચાર મહાન શક્તિઓ મા ભગવતીમાંથી સૌ પ્રથમ ઉદ્‌ભવ પામી હતી. એ ચાર મહાન શક્તિઓ માનવ આત્મા અને માનવ પ્રકૃતિને મા ભગવતી પ્રતિ અભિમુખ થવામાં અને મા ભગવતીનાં કરણો બની રહેવા માટે તૈયાર કરતી હોય છે. આ શક્તિઓ અને સ્વરૂપોની સીધી અનુભૂતિ શ્રી અરવિન્દને થઈ હતી. શ્રી અરવિન્દે એ શક્તિઓને જીવંત વાસ્તવિક્તાઓ અને સંનિધિ તરીકે નિહાળી એટલું જ નહિ; પરંતુ એ શક્તિઓને શ્રી માતાજીના વર્તમાન દેહમાં મૂર્ત્ત સ્વરૂપે કાર્યરત થયેલી પણ અનુભવી. મા ભગવતીના આ ચાર મહાન વ્યક્તિસ્વરૂપો વિશે શ્રી અરવિન્દનું જે ગહન દર્શન છે, તે દર્શનને આ અંક અમે સમર્પિત કરીએ છીએ.

*



પ્રભુ માનવીપણાનો દેખાવ અંગીકાર કરે છે અને સાધનાના માર્ગનું અનુસરણ કરવા માટે તથા મનુષ્યોને માર્ગદર્શન આપવા માટે, બાહ્ય માનવ પ્રકૃતિનો સ્વીકાર કરે છે, પરંતુ પોતે પ્રભુ મટી જતા નથી. એવી ઘટનામાં એક આવિર્ભાવ બની આવે છે, વિકાસ પામતી ભગવત ચેતનાનો આવિર્ભાવ, એમાં કાંઈ માનવી પ્રભુ બની જતો નથી. શ્રી માતાજી, તેમના બાળપણમાં પણ અંતરમાં મનુષ્યભાવથી ઉપર હતાં. એટલે જે ''ઘણા'' કહેવાતા લોકોનું દૃષ્ટિબિંદુ છે એ ભૂલ ભરેલું છે.

CWSA 32: 31-32 **Sri Aurobindo**

# આદ્યશક્તિ

મા ભગવતીની ચાર શક્તિઓ તે એનાં ચાર પ્રધાન વ્યક્તિ-સ્વરૂપો છે, એની જ દિવ્યતાના અંશો અને એણે ધારણ કરેલા દેહો છે. મા ભગવતી એ ચાર શક્તિ-સ્વરૂપો દ્વારા પોતે સર્જેલ પ્રાણીઓના ઉપર કાર્ય કરે છે, જગતોમાંનાં પોતાનાં સર્જનોને વ્યવસ્થિત અને સંવાદી બનાવે છે તથા પોતાની અનંત સહસ્ર શક્તિઓનું સંચાલન કરે છે. એનું કારણ એ છે કે મા ભગવતી પોતે છે તો એક પરંતુ આપણી સમક્ષ તે જૂજવાં સ્વરૂપો લઈને આવે છે. એનાં અનેક શક્તિ-સ્વરૂપો અને વ્યક્તિ-સ્વરૂપો છે, અનેક પ્રાદુર્ભાવો અને વિભૂતિઓ છે જે વિશ્વભરમાં એનું કાર્ય કરી રહેલાં છે. જે પરમ એક તત્ત્વને આપણે મા ભગવતી તરીકે આરાધીએ છીએ તે અખિલ સત્-તાના ઉપર અધિષ્ઠાન કરનારી દિવ્ય ચિત્-શક્તિ છે, તે પોતે એક છે છતાં એટલી તો અનંતમુખી છે કે ગમે તેવું વેગવાળું, શીઘ્રગ્રાહી મન કે મુક્તમાં મુક્ત અને સૌથી વિશાળ એવી બુદ્ધિ પણ એની ગતિનું અનુસરણ કરી શકે તેમ નથી. મા ભગવતી પરમ ઈશની ચેતના અને તેની જ શક્તિ છે, અને વિશ્વ સકલથી દૂર-સુદૂર ઊર્ધ્વમાં તે સર્જન કરે છે. પરંતુ જે દેહોમાં અને જે દેવી-સ્વરૂપોમાં તે પોતાનાં પ્રાણીઓ સમક્ષ પ્રગટ થવાનું અંગીકાર કરે છે તેમની પ્રકૃતિ અને કર્મ દ્વારા મા ભગવતીની ગતિવિધિનું કાંઈક દર્શન અને જ્ઞાન મેળવી શકાય છે. કારણ કે એ વસ્તુઓ વધારે સુરેખ અને મર્યાદિત હોવાથી આપણે માટે વધારે સુગમ હોય છે.

જે ચિત્-શક્તિ યાને ચિતિ આપણને અને વિશ્વને પોતાનામાં ધારણ કરીને ટકાવી રહેલી છે તેની સાથે જ્યારે તમારી એકતાનો સ્પર્શ શરૂ થાય છે ત્યારે મા ભગવતીની સત્-તાના જે ત્રણ પ્રકાર છે તેમના વિશે તમે સચેતન થઈ શકો છો. પ્રથમ આદ્યા, પરમા શક્તિ છે, તે વિશ્વાતીત છે, તે અનંત કોટિ વિશ્વોથી પર ઊર્ધ્વમાં બિરાજે છે અને પરમ ઈશની સદા અવ્યકત રહસ્યમયતા સાથે તે આ સૃષ્ટિને સાંકળે છે. બીજી, જગદંબા સ્વરૂપ, વિશ્વરૂપિણી મહાશક્તિ છે. સર્વે પ્રાણીઓને તે સર્જે છે તથા વિશ્વમાં ચાલી રહેલી અસંખ્ય પ્રક્રિયાઓને અને શક્તિઓને પોતાનામાં ધારણ કરે છે, તથા તેમનામાં પ્રવેશીને રહે છે, તેમને ટકાવી રાખે છે તથા તેમનું સંચાલન કરે છે. ત્રીજું, તેનું વ્યક્તિ સ્વરૂપ છે. તેના વડે પોતાના બે વધારે મહાન સત્-તાના – વિશ્વાતીત અને વિશ્વમય – પ્રકારોને પોતાનામાં મૂર્તિમંત કરે છે, એ સ્વરૂપોને જીવંત બનાવીને આપણી સમીપ લઈ આવે છે, તથા માનવની વ્યક્તિતા અને પ્રભુની, દિવ્ય, પરા પ્રકૃતિ એ બેની વચ્ચે સંયોગકારનું કાર્ય કરે છે.

એક, આદ્યા, પરાત્પરા શક્તિ, મા ભગવતી, સકળ વિશ્વોની શ્રેણીઓથી પર ઊર્ધ્વમાં બિરાજે છે. અને પોતાની સનાતન ચેતનામાં પરમ ઈશને તે ધારણ કરી રહી છે. એકલ, એ મા ભગવતી પરમ ઈશના સર્વશક્તિમાનપણાને અને તેની અવર્ણનીય સંનિધિને પોતાનામાં ધારણ કરે છે. જે સત્યો પ્રગટ કરવાનાં હોય છે તેમને પોતાનામાં ધારણ કરીને, અથવા તો પરમ

ઈશની રહસ્યમયતામાં લીન રહેલાં હોય છે ત્યાંથી તેમને સાદ કરીને પોતાની અનંત ચેતનામાં નીચે ઉતારી લાવે છે, અને પોતાની શાશ્વત, સર્વસમર્થ શક્તિમાંથી આ વિશ્વમાં તેમને શક્તિનું એક સ્વરૂપ આપે છે તથા પોતાના નિરવધિ પ્રાણમાંથી પ્રાણ અને પાર્થિવ દેહ પણ આપે છે. પરાત્પરા મા ભગવતીની ચેતનામાં પરમ બ્રહ્મ પોતે શાશ્વત સચ્ચિદાનંદ રૂપે સદા પ્રગટ રહેલ છે. અને ઈશ્વર-શક્તિની એક છતાં દ્વિદલ ચેતનામાં તે મા ભગવતી દ્વારા પ્રગટ થાય છે, તથા પુરુષ પ્રકૃતિના દ્વૈત તત્ત્વરૂપે તે જ વ્યક્ત થાય છે, – અનેક સૃષ્ટિઓમાં, અને સ્તરોમાં તથા દેવો અને દેવીઓમાં એ દ્વૈત-અદ્વૈત તત્ત્વને મા ભગવતી મૂર્ત સ્વરૂપ આપે છે, તથા જ્ઞાત અને અજ્ઞાત જગતોમાં જે કાંઈ છે તે સઘળું મા ભગવતીને લીધે જ સાકાર થયેલું છે. જે કાંઈ છે તે સર્વ પરમ બ્રહ્મની સાથે મા ભગવતીની લીલા છે; જે કાંઈ છે તે સઘળું શાશ્વત પરમના રહસ્યોનો, અનંતના ચમત્કારોનો મા ભગવતીએ કરેલો આવિર્ભાવ છે. અખિલ વિશ્વ મા ભગવતી પોતે જ છે, કારણ કે સર્વ કાંઈ દિવ્ય ચિતિના જ ભાગો અને તેનાં જ અંગો છે. અહીં આ જગતમાં કે અન્યત્ર શ્રી મા જે નિર્માણ કરે અને પરમ ઈશ જેને અનુમોદન આપે તે સિવાય કોઈ વસ્તુ અસ્તિત્વમાં આવી શકે જ નહિ. પરમ બ્રહ્મથી પ્રેરિત મા ભગવતી પોતાના સર્જક આનંદમાં બીજ રૂપે નાંખીને પોતાની જ્ઞાન દૃષ્ટિ વડે જે વસ્તુને જુએ છે અને જેને આકાર આપે છે તે સિવાય આ વિશ્વમાં કોઈ વસ્તુ સાકાર બની શકતી જ નથી.

મહાશક્તિ, વિશ્વજનની – જગદંબા રૂપે પોતાની પરાત્પરા ચેતનાએ પરમ બ્રહ્મમાંથી જે કાંઈ સંક્રમિત કરેલું હોય છે તેને પાર પાડે છે, બીજાવસ્થામાંથી વિકસિત કરે છે, તથા પોતે જે જગતો ઉત્પન્ન કરેલાં છે તેમાં, સ્વયં પ્રવેશે છે, એની સન્નિધિ એ જગતોને વ્યાપીને તેમને સભર ભરે છે, તથા જે દિવ્ય શક્તિ અને જે આનંદના વિના એ જગતો ટકી જ ન શકે તેના વડે તેમને ટકાવી રાખે છે. આપણે જેને પ્રકૃતિ અને સ્વભાવ કહીએ છીએ તે પણ મા જગદંબાનું અત્યંત બાહ્ય અને કાર્યવાહક સ્વરૂપ માત્ર છે. મા જગદંબા પોતાનાં બળોને અને પ્રક્રિયાઓને એકત્ર કરે છે તથા તેમની વચ્ચે સંવાદ સ્થાપી તેમને વ્યવસ્થિત કરે છે, પ્રકૃતિના વ્યાપારોને, પ્રક્રિયાઓને વેગ આપે છે તથા જગતમાં જે કાંઈ જોઈ શકાય તેવું છે તેમાં, યા તો જે અનુભવી શકાય તેવું છે તેમાં કિંવા, જીવનની ગતિમાં જે મૂકી શકાય તેવું છે તે સર્વમાં વિશ્વજનની, ગૂઢ કે પ્રગટ રીતે, પોતે જ ગતિ કરી રહી છે. એમાં અનેક સૃષ્ટિમાલાઓમાંની પ્રત્યેક સૃષ્ટિ તે તે પ્રકારની સૃષ્ટિમાલાની કે તે તે સૃષ્ટિની મહાશક્તિની માત્ર એક જ લીલા છે. પ્રત્યેક સૃષ્ટિમાં વ્યાપી રહેલી એ મહાશક્તિ વિશ્વાત્મા રૂપે તથા વિશ્વાતીત મા ભગવતીના એક વિશિષ્ટ વ્યક્તિ રૂપે ત્યાં બિરાજતી હોય છે. પ્રત્યેક જગત જગદંબાએ પોતાની દિવ્ય દૃષ્ટિ વડે નિહાળેલી, સૌન્દર્ય અને શક્તિ પ્રચુર પોતાના હૃદયમાં સંચિત કરેલી અને પોતાના અગાધ આનંદમાં સર્જેલી સૃષ્ટિ છે.

('મા' પુસ્તિકા : પૃ. ૩૪ થી ૪૦)

**આદ્યશક્તિ**

આદ્યશક્તિ એ વિશ્વની સૌથી પ્રથમ આદિ શક્તિ છે. અને તેથી શ્રી માતાજીનું ઉચ્ચમાં ઉચ્ચ

રૂપ તે એ છે. માત્ર જે ભૂમિકા ઉપર આપણે તેમને જોઈએ છીએ તે ભૂમિકા અનુસાર તે જુદી જુદી રીતે પોતાનો આવિર્ભાવ કરે છે.

૨૨-૭-૧૯૩૩ શ્રી અરવિન્દ

(શ્રી માતાજી : દિવ્ય સ્વરૂપ પૃ. ૧૦)

માતાજી, જ્યારે પ્રભુ માનવની વેદનાને પોતાની ઉપર સ્વીકારી લે છે...

હા...

ત્યારે આ વેદનાની અસર આપણા ઉપર જેવી થાય છે તે રીતે જ પ્રભુ ઉપર થાય છે ? એટલે કે આપણે જે રીતે દર્દ અને દુઃખ અનભુવીએ છીએ તે રીતે જ પ્રભુ અનુભવે છે ?

ના ! હું કહી શકું કે ના ! કારણ કે સ્પષ્ટ રીતે અજ્ઞાનની અવસ્થા અને જ્ઞાનની અવસ્થામાં તાત્ત્વિક ભિન્નતા હોય છે. તમને કાંઈક દર્દ આપનારી વસ્તુ બને એમ કહીએ અને અજ્ઞાનમય અવસ્થામાં આ દર્દજનક વસ્તુ એક વિશિષ્ટ લક્ષણ બતાવે છે, પરંતુ જો તમે આ દર્દમય વસ્તુ જ્ઞાનની સ્થિતિમાં સ્વીકારો તો તેનાં લક્ષણો ન બતાવે. ચાલો આપણે એક સ્થૂલ દાખલો લઈએ. કહો કે એક સ્થૂળ ફટકો, એક સરસ ફટકો (ક્રિયા) સારું જ્યારે માનવી, સામાન્ય માનવ અજ્ઞાનતામાં હોય ત્યારે તેની પૂરેપૂરી અસર થાય. તેનો આધાર કેવળ તેની ઉગ્રતા ઉપર, કોણે તે ફટકો માર્યો, કોણે તે ઝીલ્યો, તેની ઉપર તે છે. તમે સમજ્યા, પરંતુ તે જ ફટકો તે જ રીતે મારવામાં આવ્યો હોય, તે જ વ્યક્તિ દ્વારા અને તે જ વ્યક્તિને જેનામાં અજ્ઞાનને બદલે જ્ઞાન હોય તો તાત્કાલિક શરીરનો પ્રતિભાવ એવો આવશે કે તેના પરિણામની અસર ઓછામાં ઓછી થશે. અને આ નક્કર હકીકત છે. કેટલીક વખત તો આ પરિણામોને બિલકુલ બિનઅસરકારક બનાવવા સુધી પણ જઈ શકાય છે. તે એટલી હદ સુધી જઈ શકે છે એટલે કે એવી સ્થિતિને અસરોને નાબૂદ કરી શકે છે. કારણ કે તેનું પ્રતિકાર્ય અજ્ઞાનમાંથી આવવાને બદલે જ્ઞાનમાંથી આવેલું છે તેથી આપણે એમ ન કહી શકીએ કે તે એકની એક જ વસ્તુ છે.

નૈતિક બાબતોમાં તો આ બિલકુલ સ્પષ્ટ વસ્તુ છે, તમે સમજ્યા ! કારણ કે તમે લાગણીને ધક્કો લગાડવાને બદલે દા. ત. સામાન્ય લાગણીની અહંકારયુક્ત તમસને બદલે વ્યક્તિ તટસ્થતાથી વિચારે અને જે વસ્તુ હોય તેનું જ નિરીક્ષણ કરે, કયાં આંદોલનોનું મિશ્રણ થયું છે તે નિહાળે અને તાત્કાલિક વ્યક્તિ તેના ઉપર પ્રકાશ, જ્ઞાન અને સત્ય ફેંકે તો બધી જ વસ્તુ તેની જગ્યાએ પાછી ચાલી જાય. પરંતુ હું આગ્રહ રાખું છું કે સૌથી ભૌતિક શરીર ઉપર પણ અને સૌથી સ્થૂલ રીતે પણ અસર એકસરખી થતી નથી.

ઉપરાંત તે સમજવું બહું સહેલું છે કારણ કે અસર જો એક જ પ્રકારની થતી હોય તો પ્રભુ પોતે પોતાના ઉપર અનિષ્ટ વસ્તુઓ સ્વીકારી લે તો તેમાં કોઈ પણ પ્રકારનાં સુખી પરિણામો ન આવે. કારણ કે તેઓ જે પ્રકારનાં છે તે પ્રકારનાં જ રહે. અને વિશ્વ જે પ્રકારનું છે તે પ્રકારનું જ રહે. તે એટલા માટે છે કારણ કે પ્રભુમાં તમસ સંયુક્ત આંદોલનોને પ્રકાશયુક્ત આંદોલનોમાં રૂપાંતર કરવાનું સામર્થ્ય છે જેથી કરીને તે પોતાની જાતમાં સર્વ વસ્તુને ધારણ કરી શકે. નહિ તો પછી આ બધું બિનઉપયોગી થાય એટલું જ નહિ પણ અશક્ય બને. તે એક અર્થહીનતા બને.

(શ્રી માતૃવાણી ગ્રંથ ૬ : પૃ. ૨૭૯-૨૮૦)

# ચાર મહાન વ્યક્તિસ્વરૂપો

મા ભગવતીનાં ચાર સ્વરૂપો, એનાં ચાર પ્રધાન શક્તિસ્વરૂપો અને વ્યક્તિ-સ્વરૂપો આ વિશ્વનું માર્ગદર્શન કરવાના કાર્યમાં તથા આ પૃથ્વી સાથેના તેના વ્યવહારમાં સૌથી મોખરે રહેલાં છે. એમાંનુ એક સ્વરૂપ સ્થિર વિશાળતા, સર્વગ્રાહક જ્ઞાનશક્તિનું પ્રશાંત માંગલ્ય અને અક્ષય દયાનું તથા સમ્રાટ-સમા અલૌકિક મહિમાનું તથા સર્વશાસક ગૌરવનું બનેલું છે. અને બીજું સ્વરૂપ, ભવ્ય સામર્થ્ય, અવિરોધ્ય આવેગ, ક્ષાત્ર ભાવ, સર્વંકશા—અભિભૂત કરનાર તપઃશક્તિ, પ્રચંડ વેગ અને જગતને કંપાવનાર ઉગ્ર શક્તિને ધારણ કરે છે. ત્રીજું સ્વરૂપ પરિસ્ફુટ અને મધુર છે, અને સૌંદર્ય, સંવાદ અને લયબદ્ધતાનું ગહન રહસ્ય ધારણ કરે છે. એનામાં સંકુલ અને સૂક્ષ્મ સમૃદ્ધિ વસે છે, એમાં અવિરોધ્ય આકર્ષણ અને સંમોહક લાવણ્યની સુષમા રહેલી હોઈ તે અદ્‌ભુત છે. ચોથું સ્વરૂપ, વસ્તુઓનું અંતરંગ તલસ્પર્શી જ્ઞાન પ્રાપ્ત કરવાની શક્તિવાળું છે તથા સાવધાનપણે દોષરહિત કાર્ય કરવાની, સઘળાં કાર્યોમાં શાંત અને ચોક્કસ પૂર્ણતા લાવવાની શક્તિથી સજ્જ હોય છે. જ્ઞાન, શક્તિ, સંવાદ અને પૂર્ણતા એ ચાર અનુક્રમે એ ચાર સ્વરૂપોનાં લક્ષણો છે. મા ભગવતીનાં એ શક્તિ-સ્વરૂપો પોતાના એ ગુણોને આ જગતમાં પોતાની સાથે લઈ આવે છે અને પ્રગટ કરે છે તથા માનવના વેશમાં પ્રગટ થયેલી પોતાની વિભૂતિઓમાં તેમને વ્યક્ત કરે છે. જે લોકો મા ભગવતીના સીધેસીધા અને જીવંત પ્રભાવ પ્રત્યે પોતાની પાર્થિવ પ્રકૃતિને ખુલ્લી કરી શકે છે, તથા જેટલા પ્રમાણમાં તેઓ આ દિવ્યતા પ્રત્યે આરોહણ કરી શકે છે તેટલા પ્રમાણમાં એ ચાર શક્તિસ્વરૂપો તેમનામાં પોતાના એ ગુણોની સ્થાપના કરી આપે છે. એ ચાર સ્વરૂપોને આપણે ચાર મહા અભિધાન આપીએ છીએ : મહેશ્વરી, મહાકાલી, મહાલક્ષ્મી, મહાસરસ્વતી. ('મા' પુસ્તિકા : પૃ. ૪૭-૪૮)

**પરંતુ આ ચારે સ્વરૂપો એકબીજાથી સ્વતંત્ર છે ?**

થોડે ઘણે અંશે. પણ સમગ્ર રીતે નહીં. હંમેશ તે વસ્તુ તો એકજ છે. એક એવી સ્વતંત્રતા છે જે કેટલીક વખત સમગ્ર લાગે છે, અને એકીસમયે ગાઢ સંકળાયેલી લાગે છે, અને દરેક નિરપેક્ષ કહી શકાય. કેન્દ્રવર્તી ચેતના, એટલે આ સ્થૂલ જગતમાં મહાલક્ષ્મી છે એ તમે જાણો છો. આ બીજાં બધાં પાસાંઓના કાર્યને કાબૂમાં રાખવાની તેનામાં શક્તિ છે - જો કે તે દરેક બિલકુલ સ્વતંત્ર છે અને તેમની અભીપ્સા તરીકે કાર્ય કરે છે અને તેમ છતાં તે તેમના ઉપર કાબૂ રાખી શકે છે, એ અર્થમાં કે જો....

તમે કાલીનો દાખલો લો. જો કાલી એમ નક્કી કરે કે તેણે વચ્ચે પડવું છે અને મહાલક્ષ્મી, જેનામાં વસ્તુઓ માટે વધારે સમગ્ર અને વિશાળ દર્શન છે, તે જુએ કે વચ્ચે પડવાનો સમય પાક્યો નથી અથવા વધારે વહેલું છે, તો તે મહાકાલી ઉપર દબાણ મૂકીને એમ કહે, ''શાંત રહે.'' અને બીજીને શાંત રહેવાની ફરજ પડે; અને તેમ છતાં તે બિલકુલ સ્વતંત્ર રીતે કાર્ય કરી શકે છે. **(શ્રી માતૃવાણી ગ્રંથ ૬ : પૃ. ૨૮૧)**



મહેશ્વરી

# મહેશ્વરી

**પ્રજ્ઞાની માતા**

રાજરાજેશ્વરી મહેશ્વરી ચિંતક બુદ્ધિ અને સંકલ્પથી ઊર્ધ્વમાં રહેલી વિશાળતામાં બિરાજે છે, મન તથા તપઃશક્તિને તે ઊર્ધ્વમાં આરોહણ કરાવે છે તથા તેમને વિશુદ્ધ અને મહાન બનાવી પ્રજ્ઞા તથા વિશાળતા અર્પે છે. કિંવા, એમનાથીય ઊર્ધ્વમાં રહેલ પર કોટિના કોઈ પ્રકાશની ભરતીથી એમને પ્લાવિત કરી મૂકે છે. કારણ કે તે એક એવું તત્ત્વ છે જે સમર્થ છે, જ્ઞાનયુક્ત છે અને વિજ્ઞાનમય ચેતનાની અનંતતાઓ પ્રત્યે, વિશ્વવ્યાપક વિશાળતાઓ પ્રત્યે પરમ જ્યોતિની ભવ્યતા પ્રત્યે અદ્‌ભુત જ્ઞાનના ભંડારો પ્રત્યે તથા મા ભગવતીની શાશ્વત શક્તિઓની અમેય ગતિ પ્રત્યે તે આપણને ખુલ્લા કરી આપે છે. મહેશ્વરી છે પ્રશાંત અને અદ્‌ભુત, મહાન અને સદા સ્થિર. તેને કશું વિચલિત કરી શકતું નથી, કારણ કે જ્ઞાન સકલ એનામાં વસે છે. એ જે કાંઈ જાણવા ઇચ્છે તે એનાથી ગુપ્ત રહી શકતું નથી. સર્વ પદાર્થોને તથા સર્વ પ્રાણીઓને, તથા સૃષ્ટિના નિયમને તથા તેના યુગોને તથા આખું વિશ્વ પૂર્વે કેવું હતું, હમણાં કેવું છે, અને ભાવિમાં કેવું હોવું જોઈએ એ સઘળું તે જાણે છે. એનામાં કોઈ એવું સામર્થ્ય છે જે હરકોઈ વસ્તુને પહોંચી વળે છે અને તેના પર પ્રભુત્વ સ્થાપન કરે છે. તેના વિશાળ અગમ્ય જ્ઞાન અને સમુન્નત પ્રશાંત શક્તિની સામે કોઈ પણ આખરે વિજય પામી શકે તેમ નથી. સમતાપૂર્ણ, ધીર અને પોતાના સંકલ્પમાં અવિચલ એવી મહેશ્વરી માનવો જોડે તેમની પ્રકૃતિ અનુસાર વ્યવહાર કરે છે, તથા વસ્તુઓ અને ઘટનાઓ સાથે તેમનામાં રહેલા બળ અને સત્ય પ્રમાણે કામ લે છે. પક્ષપાત એનામાં લવલેશ હોતો નથી, પરંતુ તે પરમ ઈશના આદેશનું અનુસરણ કરતી હોય છે, અને તેમ કરતાં, કેટલાકને તે ઊર્ધ્વમાં લઈ જાય છે તો કેટલાકને અધોગતિમાં નાંખે છે, અથવા તો પોતાનાથી દૂર અંધકારમાં મૂકી દે છે. જ્ઞાનીઓને તે વધારે પ્રકાશમય અને વધારે વિશાળ જ્ઞાન આપે છે, ક્રાંતદર્શી હોય છે તેમને પોતાની મંત્રણામાં પ્રવેશ આપે છે, વિરોધીઓને તેમના વિરોધનાં પરિણામો ફરજિયાત ભોગવાવે છે, અજ્ઞાની અને મૂર્ખ લોકોને એમની અંધતા અનુસાર દોરે છે. પ્રત્યેક માનવમાં રહેલાં તેની પ્રકૃતિના જુદાં જુદાં તત્ત્વોને, પ્રત્યેકની જુદી જુદી જરૂર પ્રમાણે, તેમની પાછળ રહેલી પ્રેરણા પ્રમાણે, એ વસ્તુઓ જે પ્રત્યુત્તર, કે બદલો, એનામાં સ્વાભાવિક રીતે પ્રગટાવે છે તે પ્રમાણે તે પ્રત્યુત્તર આપે છે અને વ્યવહાર કરે છે; એમના પર જરૂરી દબાણ મૂકે છે, અથવા તો એમની પોતાની માનીતી સ્વતંત્રતા માણવાને અને અજ્ઞાનને માર્ગે વૃદ્ધિ કે વિનાશ પામવાને તેમને છૂટા મૂકે છે. કારણ કે તે સર્વથી પર છે, તે કશાથી બંધાયેલી નથી, વિશ્વમાં કશા પ્રત્યે તે અસક્ત નથી. અને છતાં, અન્ય કોઈમાં નથી એવું જગતજનનીનું હૃદય તેનામાં રહેલું છે. કારણ કે એની દયા અસીમ અને અખૂટ છે. એની દૃષ્ટિમાં સર્વ તેનાં પોતાનાં જ સંતાનો છે, એક જ પરમના અંશો છે, — અસુરો, રાક્ષસો,

પિશાચો, તથા દ્રોહ અને વિરોધ કરનારા પણ. એ જ્યારે કોઈને તરછોડી નાંખે છે ત્યારે પણ તેના ઉદ્ધારને મુલતવી રાખે છે એટલું જ, એનો દંડ પણ એનો અનુગ્રહ જ હોય છે. પરંતુ એની દયા એના જ્ઞાનને અંધ બનાવી શકતી નથી, અથવા તો નિર્મિત થયેલા માર્ગમાંથી એના કાર્યને રજ માત્ર ફેરવી શકતી નથી. કારણ કે વસ્તુઓના સત્ય સાથે જ તેનું કામ છે, જ્ઞાન એ તેની શક્તિનું કેન્દ્ર છે અને આપણા અંતરાત્માને અને આપણી પ્રકૃતિને દિવ્ય સત્યના ઘાટમાં ઘડવાં એ તેનું વ્રત છે, એ તેનો પુરુષાર્થ છે. ('મા' પુસ્તિકા : પૃ. ૪૯ થી ૫૩)

*

''રાજરાજેશ્વરી મહેશ્વરી ચિંતક બુદ્ધિ અને સંકલ્પથી ઊર્ધ્વમાં રહેલી વિશાળતામાં બિરાજે છે...''

**બાળક :** જે પ્રકારે એક મનોમય ભૂમિકા છે, એક પ્રાણમય ભૂમિકા છે તે પ્રકારે સંકલ્પની પણ કોઈ ભૂમિકા છે ?

**શ્રી માતાજી :** આ વસ્તુ મેં તમને સચ્ચિદાનંદ સંબંધે વાત કરતી વેળાએ સમજાવેલી છે. સર્વે જગતોના છેક મૂળમાં સચ્ચિદાનંદ આવી રહેલા છે, પરંતુ ચેતનાની સર્વ અવસ્થાઓની પૃષ્ઠભૂમિમાં પણ સચ્ચિદાનંદ આવી રહેલ છે. તમે એની રેખાકૃતિ દોરી શકો (જો કે એના આધારે કાંઈ બહુ સ્પષ્ટતા થતી નથી. એ વિચાર તદ્દન ભૂલભરેલો છે, પરંતુ એના વડે વસ્તુઓ વધુ સહેલાઈથી સમજી શકાય છે), એવી રેખાકૃતિમાં તમે અમુક માપ પ્રમાણે ચેતનાની ભૂમિકાઓની ગોઠવણી કરી શકો છો. ત્યારે, પછી પૃથ્વીને તમારે છેક નીચાણમાં મૂકવાની હોય છે અને પરમાત્માને ઊર્ધ્વમાં (ખરેખર વસ્તુસ્થિતિ જરા પણ એવી નથી, એ મારે સાથે સાથે કહી દેવું જોઈએ ! પણ ગમે તેમ, એ રીતે, એનાથી સમજવું સહેલું પડે છે.) તમે છેક નીચે પૃથ્વી મૂકો અને ઉપર ઊર્ધ્વમાં ટોચ ઉપર પરમાત્મા, અને પછી તમે એ આકૃતિને અસંખ્ય નાના નાના ભાગમાં, એ દરેક ભાગ ચેતનાની અનેક અમુક અવસ્થાનું પ્રતીક હોય તેમ વહેંચી નાખો તો એમાંથી એક જાતની નિસરણી બની રહે છે. અને પછી જાણે એ નિસરણીની પૃષ્ઠભૂમિમાં જેના ઉપર ઢળીને એ (નિસરણી) ઊભી હોય તેવી કોઈ વસ્તુ હોય છે. એ કોઈ પ્રકારની દીવાલ હોતી નથી (!) પરંતુ એ કોઈ એવી વસ્તુ હોય છે જે તમારી નિસરણીને આધાર પૂરો પાડતી હોય છે. અને બરાબર એ વસ્તુ જ વિરાટ સ્વરૂપનું પ્રથમ તત્ત્વ હોય છે. હિંદુઓની પરિભાષામાં એને 'સચ્ચિદાનંદ' કહેવામાં આવે છે. એ હમેશાં હાજર હોય છે, સર્વ વસ્તુઓ એના ટેકા ઉપર આધાર રાખે છેઃ એના વિના કોઈ વસ્તુનું અસ્તિત્વ હોઈ શકતું નથી. એ એક એવી વસ્તુ છે જેના સમર્થન અને અનુમોદન વડે જ સર્વ કાંઈ અસ્તિત્વ ધરાવે છે. પછી, તમે ચેતનાની અમુક અવસ્થામાં પ્રવેશ કરો અને દાખલા તરીકે, તમે ઊર્ધ્વ મનસની ભૂમિકામાં જઈ પહોંચો (કારણ કે સામાન્ય રીતે આ વસ્તુ એ ભૂમિકામાં સહેલાઈથી બને છે; તમે ભૌતિક સ્તરને પગથિયેથી શરૂઆત કરીને ધીમે ધીમે એક પછી એક પગથિયાં ઉપર આરોહણ કરતા કરતા ઊર્ધ્વ મનસ સુધી આવી પહોંચ્યા હો છો); ત્યારે તમે તમારું એ નિસરણી ઉપરનું ઉપરની દિશામાં આરોહણ ચાલુ

રાખવાને બદલે, એક પ્રકારની આંતરિક ગતિ વડે સ્વરૂપાવસ્થામાંથી બહાર નીકળી જવા પ્રયત્ન કરો તો તમે સ્વરૂપાવસ્થાની બહાર આવી રહેલી, એક પ્રકારની નીરવતામાં પ્રવેશ કરો છો. તમે તમારી નિસરણીના પગથિયાની વળીઓની વચમાં થઈને બહાર નીકળી જાઓ છો ત્યારે સીધેસીધા સર્વ વસ્તુઓના આધારરૂપ સચ્ચિદાનંદમાં પ્રવેશ કરો છો અને ત્યારે તમને મન વડે સચ્ચિદાનંદનો અનુભવ થાય છે. હું એવા લોકોને જાણું છું જેમને આ પ્રકારનો અનુભવ થયેલો અને જેઓ એમ ધારતા હતા કે તેઓ પરમ તત્ત્વનાં શિખરો ઉપર પહોંચી ગયા છે. એ અનુભૂતિ અને પરમ તત્ત્વના સાક્ષાત્કારની અનુભૂતિ એ બે વચ્ચે એક પ્રકારનું મળતાપણું હોય છે. એ મળતાપણું સત્યની અનુભૂતિ સાથે ખૂબ તાદ્રશતાવાળું હોય છે. એમાં ફક્ત એટલું જ હોય છે કે એ અનુભૂતિ મન પૂરતી જ મર્યાદિત હોય છે, એકલું મન જ એમાં ભાગ લે છે. અને સંકલ્પને માટે પણ એમ જ છે. જો કે એ, પેલી નિસરણીના આધાર રૂપે તો નથી હોતો. એને બદલે એ એક પ્રકારની શક્તિ હોય છે, નિસરણી વચ્ચેની આ સર્વ અવસ્થાઓની આરપાર થઈને વહેતો એ એક શક્તિશાળી પ્રવાહ હોય છે. એની શરૂઆત છેક ઊર્ધ્વમાંથી થાય છે – એ ભાગવત સંકલ્પ હોય છે – અને ત્યાંથી તે નીચે પાર્થિવ આવિર્ભાવમાં નીચે ઊતરતો આવે છે. એટલે, જો તમે આ આંદોલન અથવા આ શક્તિ સાથે આંતરિક અને સંવાદી આકર્ષણના સંબંધમાં આવો તો તમે સંકલ્પની અવસ્થામાં પ્રવેશ પામી શકો છો, એટલે કે સ્વરૂપની ગમે તે અવસ્થામાં તમે હો–ભૌતિક, પ્રાણમય, મનોમય ઇત્યાદિ – જો તમે ચેતના અને શક્તિની અમુક પ્રકારની સ્થિતિમાં પ્રવેશ કરો તો સંકલ્પની આ શક્તિના સંપર્કમાં આવો છો : એ તમારામાં પ્રવેશ કરે છે અને તમે એનો ગમે તે હેતુ માટે ઉપયોગ કરી શકો છો. જો તમે એ શક્તિને ગ્રહણ કરવામાં સર્વ પ્રકારના અહંકારથી મુક્ત હશો, જો તમે શુદ્ધ હશો, જો તમે પૂર્ણપણે સમર્પિત હશો અને કેવળ પ્રભુ તરફથી આવતી વસ્તુઓ પ્રત્યે ગ્રહણશીલ હશો, જો તમે એમાં અહંકાર કે કામનાઓ કે મર્યાદાઓનું મિશ્રણ નહિ કરો...–જો કે, એ અવસ્થા પ્રાપ્ત કરવી જરા અઘરી છે, પણ જો તમે એ અવસ્થા પ્રાપ્ત કરશો, જો તમે સંકલ્પની આ શક્તિને તેની મૂળ શુદ્ધ અવસ્થામાં પ્રાપ્ત કરશો (કારણ કે એ નીચે શુદ્ધ અવસ્થામાં જ આવે છે, એની વિકૃતિ તો જ્યારે એને ગ્રહણ કરવામાં આવે છે ત્યારે બની આવે છે) – તો, એ વસ્તુ તમારો સંકલ્પ હોવાને બદલે પ્રભુના સંકલ્પની અભિવ્યક્તિ હશે, અને આ વસ્તુ સ્થૂલ શરીરનો ત્યાગ કર્યા સિવાય બને છે – ભૌતિક સ્વરૂપનો ત્યાગ કર્યા વિના પણ તમે પ્રભુના સંકલ્પની શક્તિ ગ્રહણ કરી શકો છો. ફક્ત તમારે ગ્રહણ કરવાની પ્રક્રિયા દરમ્યાન એનામાં ફેરફાર કરીને એને વિકૃત ન કરવી જોઈએ, બગાડી ન મૂકવી જોઈએ. જ્યારે તમે કોઈ વસ્તુ સિદ્ધ કરવાની અદમ્ય શક્તિ તમારામાં અનુભવો છો, જ્યારે તમે એમ કહેતા હો છો કે ગમે તે કિંમત ચૂકવવી પડે પણ હું વસ્તુ કરીશ જ, હું છેક છેવટ લગી મંડ્યો રહીશ અને મારા સંકલ્પનો પૂરેપૂરો ઉપયોગ કરીશ (કારણ કે તમે હમેશાં મારો સંકલ્પ એમ કહીને જ વાત કરતા હો છો), ત્યારે તમે જે અવસ્થામાં પહોંચો છો તે, પેલા ભાગવત સંકલ્પશક્તિના પ્રવાહના સંપર્કમાં તમે ન આવ્યા હો તો સંભવી જ ન શકે. ફક્ત એમાં એટલું જ

કે, સામાન્ય પ્રકૃતિને વશ વર્તીને તમે તમારા ક્ષુદ્ર વ્યક્તિગત પ્રતિકાર્ય વડે એને વિકૃતિ કરી બેસો એમ બની શકે, અને તમે એનો અયોગ્ય રીતતો ઉપયોગ કરો એમ પણ બને; પરંતુ એમ બને છે ત્યારે, તમે બીજાં તત્ત્વો સાથે ઘર્ષણમાં આવો છો. પરંતુ તમે જો સાચા અર્થમાં યોગ કરતા હો છો તો એ પ્રવાહને યોગ્ય અને સંપૂર્ણ સાહજિક રીતે ઝીલી શકો છો અને 'ત્યારે' તમારા કાર્યની સર્વોત્તમતાને કોઈ પણ વસ્તુ અટકાવી શકતી નથી. અને આ વસ્તુ કેવળ સૂક્ષ્મમાં નહિ પણ છેક ભૌતિક ક્ષેત્રમાં પણ બની શકે છે. (શ્રી માતૃવાણી ગ્રંથ ૫ : પૃ. ૭૪ થી ૭૭)

*



**મધુર માતાજી, મને આ સમજાયું નહીં : આ શક્તિ મહાલક્ષ્મીની છે અને દિવ્ય શક્તિનું કોઈ પણ સ્વરૂપ, શરીરધારી પ્રાણીઓ માટે આનાથી વધારે ચિત્તાકર્ષક નથી.''**

તેનો અર્થ માણસો. એ પૃથ્વી ઉપરના માનવીઓ માટે. પૃથ્વી ઉપરનાં પ્રાણીઓ માટે કહેવાની જુદી રીત છે. બીજા પણ છે – તેનો અર્થ પ્રાણીઓ પણ થાય છે. મહાલક્ષ્મી પ્રાણીઓ પ્રત્યે ખૂબ, ખૂબ પ્રેમાળ છે અને પ્રાણીઓ તેને બહુ ચાહે છે; ખૂબ જ ભયંકર પ્રાણીઓ તેની પાસે બહુ નમ્ર બની જાય છે, અને એટલા માટે ''માનવ પ્રાણીઓ'' શબ્દો વાપરવાને બદલે શ્રી અરવિન્દે ''શરીરધારી પ્રાણીઓ,'' પ્રાણીઓ જેમણે પૃથ્વી ઉપર શરીર ધારણ કરેલું છે, એવા શબ્દો વાપર્યા છે. (શ્રી માતૃવાણી ગ્રંથ ૬ : પૃ. ૨૭૫)

# મહાકાલી

મહાકાલીની પ્રકૃતિ જુદી છે. વિશાળતા નહિ પણ ઉત્તુંગતા, જ્ઞાન નહિ પણ શક્તિ અને બલ એ તેની ખાસ શક્તિ છે. એનામાં પરાભવ કરનાર ઉત્કટતા છે, કાર્યને સિદ્ધ કરવા માટે શક્તિનો પ્રચંડ આવેગ હોય છે, પ્રત્યેક મર્યાદાના, પ્રત્યેક વિઘ્નના ચૂરેચૂરા કરવા ધસતી દિવ્ય રુદ્રતા હોય છે. એની દિવ્યતાનો સમસ્ત પુંજ ઝંઝાવાત જેવા કાર્યમાં ઉગ્ર પ્રતાપ રૂપે ભભૂકી ઊઠે છે. મહાકાલી વેગને માટે છે, તત્ક્ષણ જ પરિણામ લાવે,—કાર્યસાધક બને એવી પ્રક્રિયા યોજવી તેનું કામ છે, તે સીધો અને ઝડપી ઘા કરનારી છે, વિરોધ કરનારી સર્વ વસ્તુને સામી છાતીએ આક્રમણ-હુમલો કરીને પરાસ્ત કરવાનું તેને ગમે છે. અસુરોને એનું મુખમંડળ ભીષણ લાગે છે અને પ્રભુના દ્વેષીઓ પ્રત્યે એનો ભાવ ભયાનક અને નિષ્કરુણ હોય છે, કારણ કે મહાકાલી તો સંગ્રામથી કદીયે ન ડરનારી વિશ્વભરની રણચંડી છે. અપૂર્ણતાને એ કદી નિભાવી લેતી નથી- અને તેથી માનવની અંદર જે કાંઈ અનિચ્છુક, આનાકાની કરનારું હોય છે તેના પ્રત્યે તે કઠોરપણે વર્તે છે, તથા જે જે વસ્તુ દુરાગ્રહપૂર્વક અજ્ઞાનમાં અને અંધકારમાં પડી રહેનારી હોય છે તે સર્વ પ્રત્યે તે કડક રીતે કામ લે છે. વિશ્વાસઘાત, જૂઠાણુ, દુષ્ટતા - અપકારવૃત્તિ સામે એનો કોપ સદ્ય અને કપરો હોય છે. અનિષ્ટ સંકલ્પના—દુષ્ટેચ્છાના,—ઉપર એનો ચાબખો તત્કાળ તૂટી પડે છે. પ્રભુના દિવ્ય કાર્યમાં બેદરકારી શિથિલતા અને પ્રમાદ તે સહન કરી શકતી નથી, અને અકાળે ઊંઘનારને અને રસળ્યા કરનારને જરૂર પડે તો, તીવ્ર વેદનાનો આઘાત—આંચકો—આપીને તે જાગ્રત કરી દે છે. જે મનોવૃત્તિઓ વેગીલી, ઋજુ અને નિખાલસ — અકપટ હોય છે તે, અકુંઠિત, સંકોચ વિનાના સર્વ વ્યાપારો, - અગ્નિની શિખા પેઠે સડસડાટ ઊર્ધ્વ ગતિ કરતી જ્વલંત અભીપ્સા એ બધી મહાકાલીની ક્રિયાઓ છે. એનો આત્મા દુર્દમ છે, એની દૃષ્ટિ અને તપઃશક્તિ ગરુડની આકાશગતિ પેઠે ઉન્નત ઊર્ધ્વદર્શી અને સુદૂરગામી છે. ઊર્ધ્વને માર્ગે એના ચરણ ઝડપથી આગળ વધે છે, તથા એના હસ્ત દંડ દેવા તથા અભય દેવા સદા સજ્જ હોય છે. કારણ કે મહાકાલી પણ મા ભગવતી જ છે. અને એનો પ્રેમ પણ એના કોપના જેવો તીવ્ર ઉત્કટ છે. એનામાં ગહન અને ગાઢ માયાળુતા છે. જ્યારે એને પોતાની સંપૂર્ણ શક્તિ સહિત સાધકમાં કાર્ય કરવાની અનુમતિ આપવામાં આવે છે,— અંતરમાં ચાલતી ક્રિયામાં વચમાં પડવા દેવામાં આવે છે - ત્યારે સાધક પર આક્રમણ કરનાર શત્રુઓને કે જમા થયેલી - જામી બેઠેલી બાધાઓને નિઃસત્ત્વ, ખાલી ફોતરાં પેઠે એક ક્ષણમાં તે વેરવિખેર કરી નાંખે છે — તોડી ફોડી ફેંકી દે છે. જો વિરોધીઓને એનો કોપ ભયાનક લાગે છે, અને દુર્બળ તથા ભીરુઓને એના દબાણની ભીષણતા આકરી લાગે છે તો જેઓ મહાન છે, સમર્થ છે, ઉદાત્ત છે તેમને તે પ્રિય લાગે છે. તેઓ તેને ભજે છે, તેનું સમારાધન કરે છે. કારણ કે તેઓ જાણે છે કે પોતાના સત્ત્વમાં જે કાંઈ બંડખોર વસ્તુ હોય છે તેને મહાકાલીના ઘા ટીપી ટીપીને દિવ્ય સામર્થ્યમાં અને સંપૂર્ણ સત્યના રૂપમાં ઘડી આપે છે, જે કાંઈ વક્ર અને કુટિલ હોય છે તેને પોતાના હથોડા વતી ઘડી ઘડીને સીધું



મહાકાલી

કરે છે અને અશુદ્ધ અને ખામીવાળું હોય છે તેને તે બહાર ફેંકી દે છે. મહાકાલી ન હોત તો આજે જે એક દિવસમાં થઈ શકે છે તેને બનતાં સદીઓ લાગત. એના વિનાનો આનંદ વિશાળ અને ગંભીર, યા તો, કોમળ, મધુર અને સુંદર હોઈ શકે પરંતુ એની પરાકાષ્ઠામાં, – સૌથી નિરપેક્ષ એવી એની અવધિમાં જે પ્રખર અને જ્વલંત ઉલ્લાસ હોય છે તેના વિનાનો જ રહી જાય. જ્ઞાનમાં મહાકાલી વિજયશાલી સામર્થ્ય ઉમેરે છે, અને સૌંદર્ય અને સંવાદમાં એક ઉત્તુંગ અને ઊર્ધ્વ ગતિનો વેગ લાવે છે, અને પૂર્ણતા પ્રાપ્ત કરવાના મંદ અને દુઃસાધ્ય કાર્યને તે એવો તો વેગ આપે છે જેથી તેની શક્તિમાં અનેકગણો વધારો થઈ જાય છે, અને યાત્રાનો માર્ગ ટૂંકાય છે. નિરતિશય આનંદની પરાકાષ્ઠાઓથી લેશ પણ ઓછું હોય તો એને સંતોષ થતો નથી. એને તો ઉચ્ચમાં ઉચ્ચ શિખરાવલીઓ, ઉદાત્તમાં ઉદાત્ત આદર્શો, વિશાળમાં વિશાળ દૃષ્ટિફલકો—એનાથી ઓછું હોય તેવું કશું એને તૃપ્ત કરી શકતું નથી. એટલા માટે પ્રભુની વિજયી શક્તિ મહાકાલીમાં વસે છે. અને દિવ્યતાના સર્જનરૂપી મહાન આધ્યાત્મિક કાર્ય ભાવિને બદલે અત્યારે વર્તમાનમાં સિદ્ધ થઈ શકશે — તો તે મહાકાલીના વેગ, આવેગ, અને તેના અગ્નિની કૃપાને બળે જ બનશે.

**('મા' પુસ્તિકા : પૃ. ૫૩ થી ૫૮)**

*

## મહાકાલી અને કાલી

**પ્રશ્ન :** ચંડીમાં વર્ણવાયેલ મહાકાલી રૂપ અને શ્યામા રૂપ વચ્ચે તાત્ત્વિક તફાવત શું છે ?

**ઉત્તર :** કાલિ, શ્યામા વગેરે સામાન્ય રૂપો છે, જેનું દર્શન પ્રાણમય કક્ષાએ થતું હોય છે. મહાકાલી કે જેનું મૂળ અધિમનસમાં રહેલું છે તે શ્યામ, કાળા રંગની અને ભયંકર નહિ, પરંતુ સુવર્ણ રંગની અને સૌન્દર્યવાન છે. અસુરો માટે ધારણ કરેલું એનું ભયાનક સ્વરૂપ પણ ખૂબ જ સુંદર છે. (CWSA 32 : 68)

*

પૃથ્વીના વાતાવરણમાં સાચેસાચ એક કાલી સ્વરૂપ પાર્થિવ વસ્તુઓ અંગે કાર્ય કરે છે. એ સ્વરૂપ મહાકાલીથી તદ્દન સ્વતંત્ર તો નથી હોતું પણ એ એમનો (મહાકાલીનો) સીધો આવિર્ભાવ હોય તેમ પણ નથી હોતું. તેમ છતાં એ સ્વરૂપ એમની આજ્ઞાને પૂર્ણપણે આધીન હોય છે અને એનામાં મહાકાલીના મુખ્ય ગુણો આવી રહેલા છે. એ ગુણોની શક્તિ અને અસરકારતા મર્યાદિત થયેલાં હોય છે છતાં તે મોજુદ તો હોય છે જ. તે ઉપરાંત દેવીની પ્રકૃતિનું સૌંદર્ય પણ તેમનામાં હોય છે. એ મહાકાલી સાથે તમારા પૈકી કેટલાકને સંબંધ પણ થયો હશે. એ દેવી કોઈના ઉપર વેર વાળતી નથી; જેઓ તેના પ્રત્યે પ્રેમ રાખે છે તેમને ઇજા પહોંચાડતી નથી. જે દેશો એના પ્રત્યે પૂરતા પ્રમાણમાં માન અને આદર બતાવતા નથી તે દેશોમાં એ રોગચાળા દ્વારા હુમલો કરતી નથી. પરંતુ એને સંઘર્ષ પ્રિય છે, યુદ્ધ એને ગમે છે. એનો ન્યાય કચડી નાખનારો હોય છે.

**(શ્રી માતૃવાણી ગ્રંથ ૫ : પૃ. ૭૩-૭૪)**

*

**મહાકાલીનો ઘા કયા પ્રકારનો હોય છે ?**

તે તમને ઘણા સુખનો અનુભવ આપે છે, તે તમને હૃદયમાં એક મધુર હૂંફ આપે છે. તે પ્રમાણે તમને ખૂબ સંતોષ થાય છે.

**માણસે તેની અભીપ્સા કરવી પડે છે કે તે કુદરતી રીતે જ આવે છે ?**

હા, માણસમાં તેના માટે અભીપ્સાની એક સચ્ચાઈ હોવી જોઈએ, જો તમારે પ્રગતિ કરવી હોય તો માણસે ખરેખર કહેવું જોઈએ, ''હા, મારે પ્રગતિ કરવી છે.'' સચ્ચાઈથી... ''ગમે તે બને, મારે પ્રગતિ કરવી છે.'' પછીથી તે આવે છે. પરંતુ મેં કહ્યું તેમ, તે એક સમૃદ્ધિની શક્તિ લઈને આવે છે. જે એક તીવ્ર આનંદને ધારણ કરે છે. જ્યારે કોઈએ પોતાની અંદરની કોઈ વસ્તુને બંધ કરવા માટે નિશ્ચય કર્યો હોય, એક વખત કરેલી મૂર્ખાઈને ફરીથી ન કરવાનો, અથવા તો કોઈક વસ્તુ જે કરવાની તેને અશક્ય અથવા મુશ્કેલ લાગે, પણ પોતે જાણે છે કે તે કરવી જોઈએ. અને જ્યારે તેણે નિર્ણય લીધેલો હોય અને પોતાની સંકલ્પશક્તિની પૂર્ણ સચ્ચાઈ તેમાં મૂકેલી હોય, વારું તો પછી જો એક ભયંકર ફટકો તમને ફરજ પાડવા માટે આવે છે કે તમે જે કરવાનો નિર્ણય લીધો હોય તે કરો. અને એ ફટકો છે, છતાં તમે એમાં તમારી જાત માટે ભવ્યતા અનુભવો.અને તમે ખૂબ સુખની લાગણી અનુભવો છો, તે ખૂબ ભવ્ય છે. તમે સમજ્યા, તમે અહીં ખૂબ પ્રભાવશાળી વસ્તુ અનુભવો છો. (માતાજી હૃદય તરફ નિર્દેશ કરે છે.)

અકસ્માતો તમારા તરફ આવે છે કારણ કે તમે પૂરેપૂરા બાહ્ય, આંતરિક અને સ્થૂલ ચેતનામાં તથા અજ્ઞાનની અવસ્થામાં રહો છો જે તમારી પાસે બધી જ મુર્ખાઈઓ કરાવે છે, અને જે અકસ્માતો કુદરતી રીતે જ તે વસ્તુઓનાં પરિણામો લઈ આવે છે. આ બે વસ્તુમાં મહાન તફાવત છે અને એક ઊંચી અવસ્થા જેમાં તમે તમારી જાતના ઉપર કાબૂ રાખવા માટે નિર્ણય કરો છો, ફક્ત સત્ય ચેતનામાં રહેવાનું નક્કી કરો છો. પછી ભલે તમારે તમારી પ્રગતિ માટે ગમે તે કિંમત ચૂકવવી પડે – અને તે વખતે જે વસ્તુઓ બને છે તે ખૂબ અર્થપૂર્ણ હોય છે, તમે તે બધી વસ્તુઓમાં સત્યનો પ્રકાશ જુઓ છો; જે પ્રકાશ તમારા માર્ગને પ્રકાશિત કરે છે, જાણે કે તમારી પાસે મશાલ હોય, અહીં તમને માર્ગદર્શન આપવા માટે... તમે સ્પષ્ટ જોઈ શકો છો ! તે એવી વસ્તુ નથી હોતી જે તમને કચડી નાખે, તમારી ઉપર પડતી શિલાની માફક તે એક વિજયશાળી ઝળહળાટ હોય છે. એટલા માટે પહેલાં પગલાં માટે જ પ્રયત્નની જરૂરિયાત છે. પ્રથમ પગલું એટલે : તે ભૂમિકામાંથી બહાર નીકળો અને આ ભૂમિકામાં ચડો. પછીથી બધું જ, બધું જ બદલાઈ જાય છે.

પરંતુ માણસે પૂરેપૂરા તે ભૂમિકામાંથી બહાર નીકળવું જોઈએ, વ્યક્તિએ ત્યાં રહેવું જોઈએ નહીં. વ્યક્તિએ એક પગ અહીં રાખવો અને બીજો ત્યાં રાખવાનો પ્રયત્ન કરવો જોઈએ નહીં, કારણ કે તે ચાલી શકે નહીં.

તો આ સ્થિતિ છે, મારા બાળકો.

**(શ્રી માતૃવાણી ગ્રંથ ૬ : પૃ. ૩૧૫-૩૧૬)**

# મહાલક્ષ્મી

## સૌન્દર્ય અને સંવાદિતાની માતા

જ્ઞાન અને શક્તિ એ બે જ મા ભગવતીના આવિર્ભાવો છે એમ નથી. એની પ્રકૃતિમાં બીજું પણ એક વધારે સૂક્ષ્મ ગૂઢ તત્ત્વ રહેલું છે અને તેના વિના જ્ઞાન અને શક્તિ બન્ને અપૂર્ણ વસ્તુઓ રહે છે અને તેના વિના પૂર્ણતા પોતે પણ પૂર્ણ થઈ શકે તેમ નથી. જ્ઞાન અને શક્તિથી ઉપર શાશ્વત સૌંદર્યનું ચમત્કારપૂર્ણ રહસ્ય આવી રહેલું છે. એમાં દિવ્ય સંવાદિતાનું અકળ રહસ્ય વસે છે, એમાં અવિરોધ્ય એવી જગદ્‌વ્યાપી મનોહારિતા અને આકર્ષણ કરનારું પ્રબળ સંમોહન છે. એ સંમોહન વડે તે સઘળી વસ્તુઓને, શક્તિઓને અને પ્રાણીઓને પોતાના પ્રત્યે આકર્ષીને તેમને એકઠાં રાખે છે તથા એ સર્વેને પરસ્પર મિલન કરવાની અને એક બનવાની ફરજ પાડે છે જેથી કરીને એક દિવ્ય આનંદ પડદા પાછળ રહીને લીલા કરી શકે, અને એ સર્વેને પોતાના છંદ રૂપે પોતાની આકૃતિ રૂપ બનાવી શકે. મહાલક્ષ્મીની શક્તિ આ છે. દેહધારી પ્રાણીઓનાં હૃદય જેટલાં મા ભગવતીના આ સ્વરૂપ પ્રત્યે આકર્ષાય છે તેટલાં બીજા કોઈ સ્વરૂપ પ્રત્યે આકર્ષાતા નથી. પોતાની પાર્થિવ પ્રકૃતિની ક્ષુદ્રતા જોતાં દેહધારી માનવને મહેશ્વરીની સમીપ જતાં તે અતિશય શાંત, અતિ અતિ દૂર, અતિ અતિ મહાન લાગી શકે છે, પોતાની નિર્બળતા જોતાં એને મહાકાલીનો આવેગ અને પ્રખરતા અસહ્ય લાગે એ સંભવિત છે, પરંતુ મહાલક્ષ્મી પાસે તો સૌ કોઈ આનંદ અને ઉમંગથી જઈ શકે છે. કારણ કે પ્રભુના માદક માધુર્યની મોહિની તે સર્વ ઉપર પાથરે છે. એના સાન્નિધ્યમાં રહેવું એ જ અગાધ સુખમાં મગ્ન થવા બરાબર છે અને એને પોતાના હૃદયમાં અનુભવવાથી તો જીવન આનંદ અને આશ્ચર્યની અવધિ રૂપ બની જાય છે. સૂર્યમાંથી જેમ પ્રકાશ તેમ લાવણ્ય, માધુર્ય અને કોમળતા મહાલક્ષ્મીમાંથી સતત વહે છે. જ્યાં જ્યાં એની અદ્‌ભુત અનુપમ દૃષ્ટિ તે નાંખે છે, અથવા તો, એના સ્મિતની રમ્યતા વેરે છે ત્યાં ત્યાં માનવનો આત્મા પરવશ થઈ જાય છે, ઝડપાઈ જાય છે, બંધનમાં પુરાય છે, અને અગાધ આનંદના ઊંડાણમાં મગ્ન થઈ જાય છે. એના હસ્તનો સ્પર્શ ચુંબકના જેવો આકર્ષક છે, અને એની ગૂઢ અને કોમળ અસર મનને, પ્રાણને તથા શરીરને વિશુદ્ધ અને સુસંસ્કૃત કરે છે. અને જ્યાં એ પોતાનાં ચરણ માંડે છે, ત્યાં મોહક આનંદના અલૌક્કિ સ્રોતો વહે છે.

અને છતાં આ મોહિની દેવીની માગણીને પૂરી કરવી યા તો એનું સામીપ્ય રાખવું એ કાંઈ સહેલું કામ નથી. મન અને આત્મામાં સંવાદ અને સૌંદર્ય, વિચારો અને ઊર્મિઓમાં સંવાદ અને સૌંદર્ય, પ્રત્યેક બાહ્ય કર્મ અને ગતિમાં સંવાદ અને સૌંદર્ય, જીવન અને તેની આજુબાજુની પરિસ્થિતિમાં સંવાદ અને સૌંદર્ય : એ વસ્તુઓની માગણી મહાલક્ષ્મી કરે છે. જ્યાં જ્યાં સૃષ્ટિના ગૂઢ આનંદના લય સાથે સુમેળ હોય છે, અખિલ સૌંદર્યનિધિના સાદને જ્યાં પ્રત્યુત્તર મળતો હોય છે, જ્યાં સમાધાન અને સંપ અને પ્રસન્નતાથી ભરપૂર એવો પ્રભુ તરફ અભિમુખ થયેલાં અનેક હૃદયનો પ્રવાહ પ્રભુ પ્રત્યે વહેતો હોય છે ત્યાં એવા વાતાવરણમાં વાસ કરવાને



મહાલક્ષ્મી

આ દેવી સંમત બને છે. પરંતુ જે કાંઈ કુરૂપ છે, કૃપણ છે, નીચ છે, જે કાંઈ દરિદ્રી, ક્ષુદ્ર અને પંકિલ છે, જે કાંઈ ક્રૂર અને કર્કશ છે તે સઘળું એના આગમનને પાછું વાળે છે. જ્યાં પ્રેમ અને સૌંદર્ય હોતાં નથી, યા તો તેમના ઉદ્‌ગમ માટે નારાજી હોય છે, ત્યાં મહાલક્ષ્મીનું આગમન થતું નથી. જ્યાં પ્રેમ અને સૌંદર્યનાં ઉદાત્ત તત્ત્વો હલકાં તત્ત્વો સાથે મિશ્ર અને વિકૃતિ થઈ ગયાં હોય છે ત્યાંથી તે દેવી એકદમ પાછી ફરી જાય છે, યા તો પોતાની સમૃદ્ધિનો સ્રોત વરસાવવાની દરકાર કરતી નથી. મનુષ્યોના અંતરમાં, તેની આજુબાજુ સ્વાર્થ, અને તિરસ્કાર, દુષ્ટેચ્છા, દ્વેષ, ઈર્ષા અને કલહને બેઠેલાં જોશે, યા તો, હૃદયના પવિત્ર પ્રેમપાત્રમાં વિશ્વાસઘાત, લોભ અને કૃતઘ્નતાને ભળી ગયેલાં જોશે, કે વાસનાની ગ્રામ્યતા, અને અશુદ્ધ ઇચ્છાઓ જો ભક્તિને ભ્રષ્ટ કરતી હશે તો એવાં હૃદયોમાં આ પ્રસન્ન કૃપાળુ અને સુંદર દેવી એક ક્ષણ પણ ઊભી નહિ રહે. આ વસ્તુઓ પ્રત્યે એને એક પ્રકારની દેવી જુગુપ્સા થઈ આવે છે અને તે પાછી ફરી જાય છે. કારણ કે આગ્રહ કરવો, મથામણ કરવી એ તેના સ્વભાવમાં નથી. એ બધાં કડવાં ઝેરી અને આસુરી રાક્ષસી તત્ત્વોનો માનવ પોતાની પ્રકૃતિમાંથી ત્યાગ કરે, ત્યાં સુધી તે પોતાનું મુખ અવગુંઠિત કરીને વાટ જુવે છે અને એ બધાં દૂર થઈ ગયા પછી જ તે પોતાનો આહ્‌લાદક પ્રભાવ ફરીથી વિસ્તારે છે. ત્યાગીની રિક્તતા અને કઠોરતા તેને ગમતાં નથી. તેમ હૃદયની ઊંડી ઊર્મિઓનું દમન, તથા પ્રાણ અને અંતરાત્માના સૌંદર્યપરાયણ અંશોનો જડ નિગ્રહ પણ એને પસંદ નથી. કારણ કે સૌંદર્ય અને પ્રેમ દ્વારા જ મનુષ્યો ઉપર તે પ્રભુની ધુરા મૂકે છે, એના પરમ સર્જનવ્યાપારમાં જીવન સમગ્ર એક દિવ્ય કલાની સુસમૃદ્ધ મહામૂલી કલા બની રહે છે, અને સઘળું જીવન પુનિત આનંદનું કાવ્ય બની રહે છે. જગતની સઘળી સંપત્તિ કોઈ પરમ નિર્માણની વ્યવસ્થા માટે તે એકત્રિત કરે છે, સંયોજિત કરે છે. મહાલક્ષ્મીના એકત્વના સહજજ્ઞાનનો સ્પર્શ થતાં, તેના આત્માની વિશાળતાનો સ્પર્શ થતાં સાદામાં સાદી અને પ્રાકૃતમાં પ્રાકૃત વસ્તુઓ પણ અલૌકિક અદ્‌ભુત બની જાય છે. એને જો હૃદયમાં પ્રવેશ કરવા દેવામાં આવે તો તે જ્ઞાનને અદ્‌ભુતતાનાં શિખરો સુધી પહોંચાડી આપે છે, અને સર્વ જ્ઞાનને વટાવી જનાર એવા અલૌકિક આનંદની પરાકાષ્ઠાનાં ગૂઢ રહસ્યો હૃદયની સમક્ષ પ્રગટ કરે છે. ભક્તિની સાથે તે પ્રભુ પ્રત્યેના આવેગમય આકર્ષણનો યોગ કરી આપે છે, અને સામર્થ્યને અને શક્તિને એવી તો લયબદ્ધતા શીખવે છે જેને લીધે એમનાં કાર્યોની શક્તિ સંવાદમય અને સપ્રમાણ – તાલબદ્ધ બને છે, અને પૂર્ણતા ઉપર તે એવી તો મોહિની બિછાવે છે કે જેથી કરીને તે ચિરંજીવ બની રહે છે.

('મા' પુસ્તિકા પેજ નં. ૫૮ થી ૬૪)

*

**પ્રેમનું ધામ**

તમે જાણો છો મહાલક્ષ્મી એ છે દિવ્ય માતાજીનું પ્રેમનું, આવિર્ભાવ પામેલ પ્રેમનું, પૂર્ણ સ્વરૂપ, જે સ્વરૂપ આ પરમ પ્રેમ અભિવ્યક્ત થાય તેના (જે આવિર્ભાવથી પર છે, અનાવિર્ભાવથી પણ પર છે) કરતાં પહેલાં પ્રકટ થવું જોઈએ. પરમ પ્રેમ, જેનો ઉલ્લેખ સાવિત્રી મહાકાવ્યમાં થયો છે તે.

પરમાત્મા જ્યારે સાવિત્રીને પૃથ્વી પર મોકલે છે ત્યારે અભિવ્યકત થયો હતો તે પ્રેમ.

સદાને માટે પ્રેમ, હે પ્રભુના સુંદર સેવક !

સાવિત્રીને પરમાત્મા પૃથ્વી પર મોકલે છે તે પૃથ્વી પરમાત્માના આવિર્ભાવને આવકારે, પરમાત્માના વિજયનો આવિર્ભાવ પૃથ્વી ગ્રહણ કરે એટલા માટે.

એને આ રીતે જોવામાં આવે તો વસ્તુ સ્પષ્ટ થઈ જાય છે — સુસ્પષ્ટ અને સર્વગ્રાહી બની જાય છે. (The Moher : Conversation with a disciple, May 11, 1963)

*

**''મન અને આત્મામાં સંવાદ અને સૌંદર્ય, વિચારો અને ઊર્મિઓમાં સંવાદ અને સૌંદર્ય, પ્રત્યેક બાહ્ય કર્મ અને ગતિમાં સંવાદ અને સૌંદર્ય, જીવન અને તેની આજુબાજુની પરિસ્થિ તિમાં સંવાદ અને સૌંદર્ય : એ વસ્તુઓની માગણી મહાલક્ષ્મી કરે છે.... જ્યાં પ્રેમ અને સૌંદર્ય હોતાં નથી, યા તો તેમના ઉદ્‌ગમ માટે નારાજી હોય છે, ત્યાં મહાલક્ષ્મીનું આગમન થતું નથી.''**

જ્યારે આજુબાજુની પરિસ્થિતિ, સંજોગો, વાતાવરણ, જીવન જીવવાની રીત, અને સૌથી વધુ તો અંતરનું વલણ જો તદ્દન નીચલી કક્ષાનું, અસભ્ય, ગ્રામ્ય, અહંપ્રધાન, અને અધમ હોય છે તો પ્રેમ આવવાને માટે નારાજ હોય છે, એટલે કે, તે પ્રગટ થવા માટે આનાકાની કરે છે અને કદાપિ આવે છે તો પણ તે સામાન્ય રીતે લાંબો સમય રહેતો નથી. સૌંદર્યનો વસવાટ થાય તેટલા માટે તેને સુંદરતાવાળું ઘર આપવું જોઈએ. હું બાહ્ય વસ્તુઓની વાત કરતી નથી — શબ્દશઃ કોઈ મકાન કે ફર્નિચર અને એવી બીજી વસ્તુઓ - હું એક અંતરના વલણ વિશે વાત કરું છું, ભીતરમાં રહેલી કોઈ એવી વસ્તુ કે જે સુંદર, ઉમદા સાંમજસ્યપૂર્ણ, અને નિઃસ્વાર્થી હોય. એવા સ્થાનમાં પ્રેમનું આગમન થવાની અને રહેવાની શકયતા હોય છે. પરંતુ, જ્યારે તે પ્રગટ થવા પ્રયત્ન કરે કે તરત જ, તેને હલકટ અને કઢંગી વસ્તુઓ સાથે ભેળવવામાં આવે ત્યારે તે ટકતો નથી, એ ચાલ્યો જાય છે. આ વસ્તુ માટે જ શ્રી અરવિન્દ કહે છે : 'ઉદ્‌ગમ માટે નારાજી' — એમ કહી શકાય કે એવા પ્રસંગે, પ્રેમને પોતે જેવો પ્રગટ થાય છે કે તરત જ તેને માટે પસ્તાવો થાય છે. મનુષ્યો હંમેશાં એવી ફરિયાદ કરતા હોય છે કે પ્રેમ તેમની પાસે ટકતો નથી. પરંતુ એમાં દોષ એમનો જ હોય છે. એ લોકો આ પ્રેમને અધમ કોટિના જીવનમાં લઈ જાય છે,એ જીવનમાં ઢગલાબંધ ત્રાસદાયક વસ્તુઓ હોય છે અને એટલા બધા પ્રમાણમાં ગ્રામ્યતા, હલકટ વસ્તુઓ, એટલો બધો સ્વાર્થ, એટલી બધી ગંદકી હોય છે કે એ બિચારો રહી શકતો નથી. જો એ લોકો એને તદ્દન મારી નાખવામાં સફળ નથી થતા તો એને સદંતર રોગગ્રસ્ત તો કરી મૂકે છે જ. એટલે એનાથી એટલું જ થઈ શકે તેમ છે કે દોટ મૂકીને નાસી છૂટવું. લોકો હમેશાં ફરિયાદ કરતા હોય છે કે પ્રેમ અસ્થાયી અને ક્ષણજીવી હોય છે. સાચુ કહું તો, એ લોકોએ એનો ઉપકાર માનવો જોઈએ કે એમણે તેને એટલા બધા ગંદવાડભર્યું ઘર આપ્યા છતાં તે પ્રગટ તો થયો.

*

**બાળક :** શ્રી અરવિન્દ અહીં કહે છે કે, ''જે કાંઈ કૃપણ છે... તે તેનું (મહાલક્ષ્મીનું) આગમન પાછું વાળે છે.''

**શ્રી માતાજી :** હા, કૃપણતા, અનુદારભાવ, ઉષ્માહીનતા, વિપુલતાનો અભાવ, આંતર સમૃદ્ધિનો અભાવ; જે કાંઈ શુષ્ક, ચેતનહીન, આત્મ-કેંદ્રિત વલણવાળું હોય છે તે સર્વ મહાલક્ષ્મીનું આગમન થતું અટકાવે છે. એ કાંઈ દુનિયાદારીમાં પૈસા કહેવાય છે તેનો પ્રશ્ન નથી એ સમજી રાખજો ! એ રીતે તો કોઈ અત્યંત પૈસાદાર માણસ પણ મહાલક્ષ્મીની દૃષ્ટિએ અત્યંત ગરીબ હોઈ શકે છે. અને કોઈ ગરીબ માણસ, તેનું હૃદય જો ઉદાર વૃત્તિવાળું હોય તો ઘણો સમૃદ્ધ હોઈ શકે છે.

**બાળક :** જ્યારે આપણે કહીએ છીએ, એક ગરીબ વ્યક્તિ... ગરીબ બિચારો, ત્યારે 'ગરીબ વ્યક્તિ'નો ચોક્કસ અર્થ શું થાય છે ?'

**શ્રી માતાજી :** ગરીબ માણસ એટલે જે વ્યક્તિમાં કોઈ ગુણ નથી. જેનામાં કોઈ શક્તિ નથી, કોઈ બળ નથી, કોઈ ઉદારતા નથી, એવી વ્યક્તિ કૃપણ અને દુઃખી હોય છે. તદુપરાંત, વ્યક્તિ જ્યારે ઉદાર હોતી નથી ત્યારે જ દુઃખી હોય છે - જો વ્યક્તિમાં એવો ઉદાર સ્વભાવ હોય કે જે ગણતરી ગણતો રહ્યા વિના આપતો રહે તો તે કદાપિ દુઃખી થતો નથી. કેવળ એવા લોકો કે જેઓ પોતાની જાત પ્રત્યે જ વળી રહેલા હોય છે. જેઓ વસ્તુઓને પોતાની તરફ ખેંચી લાવવા માગે છે - કેવળ એવા લોકો જ દુઃખી થાય છે. પરંતુ જ્યારે વ્યક્તિ પોતાની જાતને ઉદાર ભાવે આપતો રહે છે, આપવામાં ગણતરીના હિસાબ માંડતો નથી. ત્યારે તે કદી, કદાપિ દુઃખી થતો નથી. દુઃખી તો એ હોય જેને કાંઈ લેવું હોય છે, જે આપે છે એને કાંઈ એવું હોતું નથી.

**(શ્રી માતૃવાણી ગ્રંથ ૫ : ૭૯-૮૦)**

## દિવ્ય ઘૃણા

મધુર માતાજી, ''દિવ્ય ઘૃણા'' એટલે શું ?

આહ, મારા બાળક (મૌન) તે ઘૃણા છે, જેમાં પૂર્ણ કરુણા છે.

તે એવી વસ્તુ છે જે પોતાની ઉપર અશુભ આંદોલનો ઝીલે છે જેથી કરીને બીજાઓનું અનિષ્ટ દૂર થાય. પરિણામે... (મૌન) ખોટી અને નિમ્ન ગતિ - જેણે ભૂલ કરી હોય તેના ઉપર ઠંડા કલેજે પાછી ફેંકવાને બદલે તે પોતાની અંદર સ્વીકારી લે છે, જેથી કરીને તે ભૂલનું પોતાની અંદર પરિવર્તન કરે અને જે ક્ષતિ થઈ હોય તેનાં ભૌતિક પરિણામો શક્ય હોય એટલા ઓછાં કરી નાખે. હું માનું છું કે પ્રાચીન વાત, જેમાં શિવનો કંઠ છે તેમાં નીલ ડાઘ હતો કારણ કે તેણે જગતમાં જે બધું અનિષ્ટનું ઝેર હતું તે પી લીધેલું; તે દિવ્યઘૃણાને વ્યક્ત કરવાની એક કાલ્પનિક રીત છે. આ વસ્તુએ તેના કંઠ ઉપર કાળો ડાઘ કરેલો.

**(શ્રી માતૃવાણી ગ્રંથ ૬ : ૨૭૮-૨૭૯)**



મહાસરસ્વતી

# મહાસરસ્વતી

મા ભગવતીની કર્મની શક્તિ, સુવ્યવસ્થા અને પૂર્ણતાનું તેનું સ્વરૂપ તે મહાસરસ્વતી છે. ચારે શક્તિઓમાં તે સૌથી નાની હોઈ કાર્યના અનુષ્ઠાનમાં, કાર્યવાહક શક્તિમાં તે સૌથી વધારે નિપુણ છે તથા સ્થૂલ પ્રકૃતિની તે સૌથી નિકટ છે. મહેશ્વરી જગતનાં બળોની વિશાળ કાર્યરેખાઓ આંકી આપે છે, મહાકાલી એમનામાં રહેલી શક્તિને તથા આવેગને દ્રુતગતિ આપે છે, મહાલક્ષ્મી એમના લય — છંદોમયતા — અને પ્રમાણને શોધી આપે છે. પરંતુ એ શક્તિઓના સંગઠનની અને કાર્યના નિર્વાહની વિગતોની ઝીણવટ તથા અંગો અને વિભાગોના પરસ્પર સંબંધ, બળોનું સફળ સંયોજન, પરિણામ અને સાર્થકતા સાધવામાં અચૂક ચોકસાઈ એ સઘળા વ્યાપારોની અધિષ્ઠાત્રી તો મહાસરસ્વતી છે. વસ્તુઓનું શાસ્ત્ર, કારીગરી, આયોજન યાને પરિભાષા એ સઘળું મહાસરસ્વતીનું કાર્યક્ષેત્ર છે. સિદ્ધ કર્મ-કર્તામાં હોય છે તેવું વસ્તુઓનું ઊંડું, ચોક્કસ જ્ઞાન, સૂક્ષ્મતા અને ધીરજ, સહજજ્ઞાનવાળી બુદ્ધિની ચોકસાઈ—અસ્ખલિતતા, સચેતન હસ્ત, પરખ કરનારી દૃષ્ટિ, આ સઘળી વસ્તુઓ તે પોતાની પ્રકૃતિમાં હમેશાં ધારણ કરે છે અને જેમને તે પસંદ કરે છે તેમને તે એ બધું બક્ષી પણ શકે છે. આ શક્તિ સુદઢ, બળવાન, અવિશ્રાંત, સાવધ અને કાર્યકુશળ સ્થપતિ યાને નિર્માતા છે, તે સંગઠન કરનાર, વ્યવસ્થાપક, યંત્રવિદ કારીગર, જગતોનું વર્ગીકરણ કરનાર — વિશ્વકર્મા છે. જ્યારે તે પ્રકૃતિનું નવનિર્માણ અને રૂપાંતર કરવાનું કાર્ય પોતાના હાથમાં લે છે ત્યારે એ લાંબા સમય સુધી ખૂબ પરિશ્રમ લઈને કામ કરે છે, ઝીણામાં ઝીણી વિગતોમાં ઊતરે છે. ઘણી વાર આપણી અધીરી દૃષ્ટિને એનું કામ ઘણું ધીમું અને કદી પણ એનો અંત જ નહિ આવે એવું લાગે છે. પરંતુ એનું કાર્ય સ્થિર નિષ્ઠાથી આગળ વધતું, સમગ્રતાવાળું અને ખામી વગરનું હોય છે. કારણ કે એનાં કાર્યોની પાછળ રહેલું સંકલ્પબળ ઝીણી કાળજીવાળું, સાદય જાગ્રત, કદી ન થાકે એવું હોય છે. આપણા ઉપર ઊર્ધ્વ ભૂમિકામાંથી પોતાની છત્રછાયા ઢાળતી,—પોતાની ઊર્ધ્વ ભૂમિકામાંથી નીચે વળીને, મહાસરસ્વતી એકેએક નાનામાં નાની વિગતની નોંધ લે છે, તેને પોતે સ્પર્શે છે, ઝીણી ઝીણી પ્રત્યેક ખામીને, દોષને, ત્રુટિને, વિકૃતિને કે અપૂર્ણતાને પકડી પાડે છે, અત્યાર સુધીમાં થઈ ચૂકેલા કાર્યનો ક્યાસ કાઢે છે અને હજી ભાવિમાં જે બાકી રહેલું હોય છે તેની ચોક્કસપણે ગણત્રી કરે છે. એના ધ્યાન માટે કોઈ ચીજ અતિ નાની કે અતિ નજીવી હોતી જ નથી. સઘળી વસ્તુઓ પર તે ધ્યાન આપે છે. વળી કોઈ પણ વસ્તુ ગમે તેવી અસ્પર્શ્ય અતીન્દ્રિય, કે ઢંકાયેલી કે વેશધારી, કે અપ્રગટ ભલે હોય તોપણ તેની દૃષ્ટિને ચૂકવી શકતી નથી. જ્યાં સુધી સત્ય આકાર ધારણ ન કરે ત્યાં સુધી આપણી પ્રકૃતિના પ્રત્યેક ભાગને તે ફરી ફરીને ઘડયા જ કરે છે,—ઘડયા પછી સમગ્રમાં તેને યોગ્ય સ્થાને ગોઠવાય, તેનો વિશિષ્ટ હેતુ સાધે ત્યાં સુધી સંભાળ રાખીને તેને ફરી ફરીને સંસ્કારે છે. વસ્તુઓની જે વ્યવસ્થા અને પુનર્વ્યવસ્થા તે સતત અને ખંતપૂર્વક કર્યા કરતી હોય છે તેમાં બધી જરૂરિયાતોનું અને તેમને કેવી રીતે પૂરી કરવાની છે તેનું જ્ઞાન એકી વખતે તેની નજરમાં

આવી જાય છે. તથા શું ગ્રાહ્ય છે (પસંદ કરવાનું છે) અને શું વર્જ્ય છે તે સહજજ્ઞાન વડે તે જાણે છે. કર્મ કરવા માટેનું યોગ્ય કરણ, ઉપયુક્ત કાળ, સાચી પરિસ્થિતિ અને સાચી પ્રક્રિયા એ સઘળું તે સફળતાપૂર્વક નક્કી કરે છે. બેદરકારી, ઉપેક્ષા, લાપરવાહી અને પ્રમાદ પ્રત્યે તેને અત્યંત ઘૃણા છે. વેઠઉતાર વૃત્તિથી, ઉતાવળમાં, અવ્યવસ્થિતપણે કરેલાં સઘળાં કામો, અનાવડત, 'લગભગ' થયું ગણીને ચલાવી લેવાની વૃત્તિ, લક્ષથી જુદે જ માર્ગે ચડી જવું—ગફલત કરવી, સાધનો તથા શક્તિઓને ખોટી રીતે ઉપયોગમાં લેવાં—કામને કર્યા વિના જ કે અધવચથી પડતું મૂકવાની શિથિલવૃત્તિ, એ બધું એની પ્રકૃતિને જરા પણ રુચતું નથી. આ વસ્તુઓ તેને કુપિત કરે છે, એની પ્રકૃતિમાં એ વસ્તુઓને જરા પણ સ્થાન નથી. જ્યારે મહાસરસ્વતીનું કાર્ય પૂરું થાય છે ત્યારે જણાય છે કે તેમાં એક પણ વસ્તુ વિસ્મૃતિથી રહી ગઈ નથી, કોઈ પણ ભાગ અસ્થાને મુકાઈ ગયો કે રહી ગયો નથી, અથવા તો, ખામીભરેલી સ્થિતિમાં પડી રહેલો નથી. એના કાર્યમાં બધું જ સંગીન, ચોક્કસ, સંપૂર્ણ અને પ્રશંસનીય છે. કેવળ સંપૂર્ણ પૂર્ણતા જ એને સંતુષ્ટ કરી શકે છે. પોતાના સર્જનને પરિપૂર્ણ કરવા માટે, જો જરૂર હોય તો એ દેવી સનાતન કાળ સુધી પરિશ્રમ કરવાને તૈયાર હોય છે. આ કારણને લઈને મા ભગવતીનાં સર્વે સ્વરૂપોમાં મહાસરસ્વતી માનવ પ્રત્યે અને તેની હજારો અપૂર્ણતાઓ પ્રત્યે સૌથી વધારે સહિષ્ણુ અને ક્ષમાશીલ છે. માયાળુ, સ્મિતમુખી, નિકટ અને મદદરૂપ થતી, સહેલાઈથી વિમુખ કે નિરુત્સાહ ન થનારી, વારંવાર નિષ્ફળતા મળે તે છતાં અડગ આગ્રહી, એવી મહાસરસ્વતીનો હસ્ત દિવ્ય પંથની વાટે આપણને પ્રત્યેક પગલે પોતાનો આધાર આપે છે, પણ તે માત્ર એ શરતે કે આપણો સંકલ્પ અનન્ય હોય, આપણે પ્રામાણિક અને દિલના સાચા હોઈએ. કારણ કે દ્વિધા ચિત્તવૃત્તિ તે કદી ચલાવી લેતી નથી, પાઠ ભજવવાની વૃત્તિ પ્રત્યે, ખોટા ઠઠેરા, ખોટી સજાવટ પ્રત્યે, તથા આત્મવંચના અને દંભ પ્રત્યે એનો વેધક કટાક્ષ દયાહીન હોય છે. આપણી જરૂરો પૂરી પાડવામાં તે આપણી માતા જેવી છે, મુશ્કેલીઓમાં તે મિત્ર છે, પ્રશાંત અને સુદૃઢ — મંત્રી અને સલાહકાર છે, શોક, ઉદ્વેગ અને નિરુત્સાહનાં વાદળોને તે પોતાના ઉજ્જ્વલ સ્મિતથી વિખેરી નાંખે છે, આ બધાં કાર્યો દ્વારા તે પોતાની સદા પ્રત્યક્ષ, સુલભ સહાયનું આપણને હમેશાં સ્મરણ કરાવે છે, તથા આપણી દૃષ્ટિને પ્રભુના શાશ્વત સૂર્યપ્રકાશ પ્રત્યે દોરે છે,—આપણને જે ગૂઢ અને સતત જાગ્રત અભીપ્સા પ્રભુની દિવ્ય પ્રકૃતિની સમગ્રતા પ્રાપ્ત કરવાને દોરે છે તેના કાર્યમાં આ દેવી શાંત અને સુદૃઢ ભાવે તથા ખંતપૂર્વક પોતાની પ્રેરણા આપ્યે જાય છે. મા ભગવતીનાં અન્ય સ્વરૂપો પોતાના કાર્યની સંપૂર્ણતા માટે મહાસરસ્વતીના ઉપર આધાર રાખે છે, કારણ કે સ્થૂલ તત્ત્વનો પાયો તે જ સુનિશ્ચિત કરી આપે છે, ઝીણી ઝીણી વિગતોને પરિશ્રમપૂર્વક ગોઠવી આપે છે, અને સમગ્ર રચના—બંધારણ—નું કવચ તૈયાર કરીને તેનો એકેએક ખીલો જડી આપે છે.

મા ભગવતીનાં બીજાં પણ મહાન વ્યક્તિ-સ્વરૂપો છે. પરંતુ એમનું અવતરણ કરાવવાનું કાર્ય ઘણું મુશ્કેલ હતું. એ વ્યક્તિ-સ્વરૂપોએ પૃથ્વીની ચેતનાના ક્રમવિકાસમાં પેલાં સ્વરૂપો પેઠે મુખ્ય ભાગ ભજવ્યો પણ નથી. એ અત્યાર સુધી અપ્રગટ રહેલાં સ્વરૂપોમાં કેટલાંક એવાં છે

જેમની સન્નિધિ અતિમનસના યાને વિજ્ઞાનમય ચેતનાના સાક્ષાત્કાર માટે અનિવાર્ય છે. એમાંયે એક સ્વરૂપની સહાય સર્વથા અનિવાર્ય છે. તે સ્વરૂપ એટલે મા ભગવતીનું એક પરમ દિવ્ય પ્રેમમાંથી વહેતા ગહન અને સમર્થ આનંદની પરાકાષ્ઠાનું સ્વરૂપ છે. એ આનંદ જ વિજ્ઞાનમય ચેતનાનાં ઉચ્ચોચ્ચ શિખરો અને જડતત્ત્વનાં ઊંડામાં ઊંડાં પેટાળો વચ્ચેનું અંતર સાધી શકે તેમ છે, – એ આનંદના જ હાથમાં એક પરમ દિવ્ય જીવનની ગુપ્ત ચાવી રહેલી છે, — અને પોતાના ગૂઢ સ્થાનમાં રહ્યો રહ્યો એ આનંદ અત્યારે પણ વિશ્વની અન્ય શક્તિઓના કાર્યને ટેકો આપી રહેલો છે. પરંતુ ચાર તરફથી બંધાયેલી, અહં-પ્રધાન, અને તમોગ્રસ્ત એવી સન્નિધિને — એના આગમનને — સત્કારવા માટે, યા તો એમના અતિ સમર્થ કાર્યના આધાર રૂપ બનવા માટે હજી સમર્થ નથી, અધિકારી નથી. જ્યારે મા ભગવતીનાં ચાર સ્વરૂપોએ રૂપાંતર પામેલા મન, પ્રાણ ને શરીરમાં પોતાના સંવાદની તથા મુક્ત કાર્યશક્તિની સ્થાપના કરી હશે ત્યાર પછી જ પેલાં વધારે વિરલ શક્તિ-સ્વરૂપો આ પૃથ્વી પર ચાલી રહેલી ક્રિયામાં આવિર્ભાવ પામી શકશે. અને ત્યાર પછી જ વિજ્ઞાનમય ચેતનાનું કાર્ય પણ શકય બનશે. કારણ કે મા ભગવતીનાં સઘળાં વ્યક્તિ-સ્વરૂપો જ્યારે એકત્રિત થાય છે, આવિર્ભાવ પામે છે, તથા જ્યારે એમનાં અલગ અલગ કર્મો ભેગાં મળીને એક સંવાદપૂર્ણ એક્તાનું રૂપ ધારણ કરે છે અને તે તે સ્વરૂપો મા ભગવતીમાં પોતાના વિજ્ઞાનમય દેવત્વને પ્રાપ્ત કરે છે ત્યારે જ મા ભગવતી પોતે — અતિમાનસની — મહાશક્તિ રૂપે પ્રત્યક્ષ થાય છે અને પોતાના અનિર્વચનીય વ્યોમમાંથી પોતાના તેજોમય પરાત્પર તત્ત્વોના પ્રવાહને વેગપૂર્વક નીચે વહેતા મૂકે છે. એમ થયા પછી માનવની પ્રકૃતિ સક્રિય દિવ્ય પ્રકૃતિમાં રૂપાંતર પામી શકે છે. કારણ કે વિજ્ઞાનની ભૂમિકાની ઋત-શક્તિનાં સઘળાં આદિ સૂત્રો એકત્ર થાય છે અને જીવનની વીણા શાશ્વતના સંગીતને ઝીલવાને માટે સંવાદી બનેલી હોય છે.

('મા' પુસ્તિકા : ૬૪ થી ૭૩)

*

**''મા ભગવતીની કર્મની શક્તિ, સુવ્યવસ્થા અને પૂર્ણતાનું તેનું સ્વરૂપ તે મહાસરસ્વતી છે. ચારે શક્તિઓમાં તે સૌથી નાની હોઈ કાર્યના અનુષ્ઠાનમાં, કાર્યવાહક શક્તિમાં તે સૌથી નિપુણ છે તથા સ્થૂલ પ્રકૃતિની તે સૌથી નિકટ છે... સિદ્ધ કર્મકર્તામાં હોય છે તેવું વસ્તુઓનું ઊંડું ચોક્કસ જ્ઞાન, સૂક્ષ્મતા, અને ધીરજ, સહજજ્ઞાનવાળી બુદ્ધિની ચોકકસાઈ — અસ્ખલિતતા, સચેતન હસ્ત, પરખ કરનારી દૃષ્ટિ, આ સઘળી વસ્તુઓ તે પોતાની પ્રકૃતિમાં હમેશાં ધારણ કરે છે અને જેમને તે પસંદ કરે છે તેમને તે બધું બક્ષી પણ શકે છે.''**

આવિર્ભાવના ક્રમમાં તે છેલ્લાં આવેલાં છે. અને એમની વિશિષ્ટ પ્રકૃતિ, એમના સ્પંદનની ગુણવત્તામાં તેઓની નિકટતા... લગભગ એક નાના સરખા બાળક જેવી હોય છે.

યુવાન વ્યક્તિઓ, બાળકો, ઘડાઈ રહેલી વસ્તુઓ, જેમની સામે રૂપાંતર પામીને પૂર્ણત્વ

પ્રાપ્ત કરવા માટે લાંબો રસ્તો પડેલો હોય છે તે સર્વ તેમને પ્રિય હોય છે. એમને યુવાનોની પ્રવૃત્તિઓ ગમે છે, પ્રકૃતિમાં તે વધુમાં વધુ યુવા છે અને આવિર્ભાવમાં છેલ્લાં પ્રગટ થયેલાં છે.

**બાળક : શ્રી અરવિન્દ એક ''સચેતન હસ્ત''ની વાત કરે છે, એનો શો અર્થ થાય છે ?**

**શ્રીમાતાજી :** આ શું ! આ વસ્તુ વિશે તો મેં કોણ જાણે કેટલી વાર તમને કહેલું છે. મેં તમને એ વિશે સેંકડો વખત સમજાવેલું છે અને છતાં તમે એનો એ જ પ્રશ્ન પૂછો છો ? મેં તમને કહેલું જ છે કે તમારે કઈ વસ્તુ કરવી છે તે અગત્યની વસ્તુ નથી, પરંતુ એ માટે સૌ પ્રથમ તો તમારે તમારા હાથના કોષોણુઓમાં ચેતના મૂકવી જોઈશે. તમારે રમત રમવી હોય, તમારે કામ કરવું હોય, તમારે તમારા હાથ વડે ગમે તે કોઈ વસ્તુ કરવી હોય, પણ જો તમે તમારા હાથના કોષાણુઓમાં ચેતના દાખલ નહિ કરો તો તમે કદાપિ કોઈ સારી વસ્તુ કરી શકશો ? નહિ—આ વસ્તુ મેં તમને કેટલી બધી વખત કહેલી છે ? અને આ વસ્તુ અનુભવી શકાય છે. તમે એને અનુભવી શકો છો. તમે એ પ્રકારની શક્તિ પ્રાપ્ત કરી શકો છો. હાથને સચેતન બનાવવા માટે અનેક પ્રકારની કસરતો યોજી શકો છો અને પછી એક ક્ષણ એવી આવે છે જ્યારે એ એટલો બધો સચેતન બની જાય છે કે તમે એને સ્વતંત્રપણે વસ્તુઓ કરવા માટે છૂટો મૂકી શકો છો; એ પોતાની મેળે વસ્તુઓ કરી લે છે અને એ માટે એને તમારા નાનકડા મગજના હસ્તક્ષેપની જરૂર પડતી નથી.

**(શ્રી માતૃવાણી ગ્રંથ ૫ : પૃ. ૭૯-૮૦)**

*

> ''બીજી શક્તિઓનું બધું જ કાર્ય, પૂર્ણતા માટે તેના (મહાસરસ્વતી) ઉપર આધાર રાખે છે''...

મહાસરસ્વતી. હા, કારણ કે તે છે... (મૌન) સ્પષ્ટ રીતે પૂર્ણતાની દેવી. તેના માટે ઝીણામાં ઝીણી વિગત, છેવટે નીચે સુધીની તૈયાર થવી જોઈએ અને તે પણ પૂરેપૂરી પૂર્ણ રીતે. અને તેને જોઈએ છીએ, સ્થૂલ રીતે, જેથી તે હવામાં ન રહે, તમે સમજ્યા, જેમ માનસિક પ્રાણિક કાર્ય થાય છે તેમ, પરંતુ સર્વ વિગતો સહિત તે સ્થૂલમાં પ્રકટ થવી જોઈએ અને વિગતો પણ સંપૂર્ણ હોવી જોઈએ અને કોઈ પણ લક્ષ્ય બહાર ન રહેવી જોઈએ. એટલે જે બીજી બધી શક્તિઓ બીજા પ્રદેશોમાં જે કાંઈ હાથ ઉપર લે તેનું તે સ્થૂલીકરણ કરે છે અને તેને ભૌતિક પૂર્ણતામાં લાવીને મૂકે છે.

*

**મધુર માતાજી, મહાસરસ્વતી શા માટે ચારેમાંથી સૌથી નાની છે ?**

કારણ કે તેનું કાર્ય છેવટનું છે; તેથી તે છેલ્લી આવી (મૌન). અહીં જે રીતે ક્રમ અપાયો છે તે રીતે તેઓનો આવિર્ભાવ થયેલો. આ બધાં સ્વરૂપો મા ભગવતીના ગુણો છે, જે એક પછી એક કાર્યની જરૂરિયાત પ્રમાણે આવિર્ભાવ પામ્યા. અને પૂર્ણતાની જરૂરિયાત છેવટે આવી એટલે તે સૌથી નાની છે.

**(શ્રી માતૃવાણી ગ્રંથ ૬ : પૃ. ૨૭૬ ને ૨૮૧)**

*

# શ્રી માતાજીનું આનંદ સ્વરૂપ : આનંદની માતા

મા ભગવતીનાં બીજાં પણ મહાન વ્યક્તિ સ્વરૂપો છે. પરંતુ તેમનું અવતરણ કરાવવાનું કામ ઘણું મુશ્કેલ હતું. એ સ્વરૂપોએ પૃથ્વીચેતનાના ક્રમવિકાસમાં પેલાં સ્વરૂપોની માફક અગ્રભાગે કાર્ય કર્યું નથી. તેમાંનાં કેટલાંક સ્વરૂપોની હાજરી અતિમનસના સાક્ષાત્કાર માટે અનિવાર્ય છે. અને તેમાં પણ એક સ્વરૂપની સહાય અનિવાર્ય છે. એ સ્વરૂપ એટલે મા ભગવતીનું પરમ દિવ્ય પ્રેમમાંથી વહન કરતું ગહન, સમર્થ, આનંદની પરાકાષ્ઠાનું સ્વરૂપ છે. આ આનંદ જ અતિમાનસ ચેતનાનાં સૌથી ઊંચા શિખરો અને જડતત્ત્વની સૌથી નીચી ખાઈઓ વચ્ચે સેતુરૂપ બની શકે તેમ છે. આ આનંદના હાથમાં જ અદ્ભુત આનંદ પોતાના ગૂઢ કાર્યમાં રહીને આ વિશ્વની અન્ય શક્તિઓને ટેકો આપી રહેલો છે.''

મધુર માતાજી, આ કયું વ્યક્તિસ્વરૂપ છે અને તે કયારે આવિર્ભાવ પામશે ?

મેં મારો જવાબ તૈયાર કરેલો છે. મને ખબર હતી કે કોઈ મને તે પૂછશે, કારણ કે બધી વસ્તુઓમાં આ ફકરો સૌથી વધારે રસપ્રદ છે અને મેં મારો જવાબ તૈયાર કરેલો છે. અને એકબીજા પ્રશ્નનો પણ જવાબ તૈયાર કરેલો છે. પરંતુ પહેલાં, હું આ પ્રથમ પ્રશ્નનો જવાબ વાંચીશ.

તમે પૂછયું, ''આ કયું વ્યક્તિસ્વરૂપ છે અને તે કયારે અહીં અવતરણ કરશે ? (મૌન) અને આ મારો જવાબ છે.''

''તે આવી ગઈ છે, એક શક્તિ અને પ્રેમની ભવ્યતા લઈને, એક દિવ્ય પ્રેમની તીવ્રતા જે અત્યાર સુધી આ પૃથ્વી માટે અજ્ઞાત છે.

ભૌતિક વાતાવરણ તેના આવવાથી પૂરેપૂરું બદલાઈ ગયેલું હતું. અને નવીન અદ્ભુત શકયતાઓથી તે સંયુક્ત બનેલું છે.

પરંતુ અહીં તેને સ્થિર થવા માટે અને કાર્ય કરવા માટે એક ઓછામાં ઓછી ગ્રહણશીલતાની તેને જરૂર હતી. ફક્ત એક માનવવ્યક્તિ, જેનામાં પ્રાણિક અને ભૌતિક પ્રકૃતિમાં જરૂરી ગુણો હોય, જેનામાં એક પ્રકારનું પરમ દર્શન, જેમાં સાહજિક અને સમગ્ર વિશુદ્ધિ હોય, પરંતુ તેની સાથે એક સમર્થ, મજબૂત અને સમતુલાવાળું શરીર હોય, જેથી જે આનંદની તીવ્રતાને લઈને તે આવેલી છે તેને ભાંગી પડયા સિવાય ઝીલી શકે.

અત્યાર સુધીમાં જે વસ્તુ જરૂરી હતી તે વસ્તુને તે પ્રાપ્ત કરી શકી નથી. માણસો જિદ્દી રીતે માણસો જ રહે છે અને તેઓને અતિમાનવ થવાની ઇચ્છા નથી, અથવા તેઓ થઈ શકતા નથી. તેઓ ફક્ત તેમના માપમાં જ – માનવપ્રેમના માપમાં જ – કપાઈને વ્યક્ત થયેલા પ્રેમને જ ઝીલી શકે ! અને તેમની દૃષ્ટિમાંથી દિવ્ય આનંદનો અદ્ભુત પ્રેમ છટકી જાય છે.

એટલા માટે કેટલીક વખત તે શક્તિ પાછા ફરવાનું વિચારે છે અને તેને એમ લાગે છે કે આ પૃથ્વી તેને ઝીલવા માટે તૈયાર નથી. અને આ તો ભયંકર ખોટ છે. એ સત્ય છે કે તેની હાજરી ક્રિયાત્મક બનવાને બદલે ફક્ત નામની જ છે, કારણ કે તેને પોતાની જાતને પ્રકટ કરવાની તક મળતી નથી, પરંતુ તેમ છતાં તે દિવ્ય કાર્યમાં એક શક્તિશાળી સહાય છે. કારણ કે મા ભગવતીનાં બધાં પાસાંઓમાં આ એક જ સ્વરૂપ એવું છે જેનામાં શરીરનું રૂપાંતર કરવાની સૌથી વધારે મહાન શક્તિ છે. ચોક્કસ, જે કોષો દિવ્ય આનંદના સંપર્કથી આંદોલિત થઈ શકે છે તેમને ગ્રહણ કરીને ટકાવી શકે છે તે નવજન્મ પામેલા કોષો હોય છે, અને અમર બનવાના માર્ગ ઉપર હોય છે. પરંતુ દિવ્ય આનંદનાં આંદોલનો અને સુખનાં આંદોલનો તે જ પ્રાણિક અને શારીરિક વ્યવસ્થામાં એકસાથે રહી શકે નહીં. એટલે માણસે બધી જ મોજમજાની અનુભૂતિઓનો પૂરેપૂરો ન્યાય કરવો જોઈએ જેથી કરીને તે આનંદને ગ્રહણ કરવાની સ્થિતિમાં રહે. એવા બહુ ઓછા માણસો છે જેઓ સક્રિય જીવનનો ત્યાગ કરીને અને કડક સંન્યાસી જીવન ધારણ કર્યા સિવાય સુખ સગવડતાને છોડી શકે અને તેમાંના પણ કેટલાક એવા છે જેઓ જાણે છે કે સક્રિય જીવનમાં જ રૂપાંતર સધાવું જોઈએ, તેઓ પણ સુખસગવડને ઓછી કે વત્તી રૂપના આનંદના સ્વરૂપને ગણે છે, અને આ રીતે પોતાના અંગત સંતોષની શોધને તેઓ ન્યાયી ઠેરવે છે અને તેમના પોતાના રૂપાંતરમાં તેઓ પોતે જ લગભગ હઠાવી ન શકાય એવાં વિઘ્નોને ઉત્પન્ન કરે છે.

પરંતુ માતાજી, તેણે શક્યતા જોઈ હશે માટે નીચે આવી !

ઇહ ?

તેણે નીચે અવતરણ કર્યું, કારણ કે એવી શકયતા હતી, કારણ કે વસ્તુઓ અમુક અવસ્થાએ પહોંચી હતી અને સમય આવી પહોંચ્યો હતો જ્યારે તે નીચે અવતરણ કરી શકે.

હકીકતમાં તે નીચે ઊતરી કારણ કે મેં વિચાર્યું કે એ શકય છે... તે સફળ થઈ શકે... (મૌન) કાયમ શકયતાઓ હોય છે જ, ફક્ત... તેઓએ સ્થૂલમાં ઊતરવું જોઈએ. તમે જુઓ, મેં તમને જે કહ્યું તેની સાબિતી છે કે તે જે ક્ષણે આવેલી તે ક્ષણે અને તે સમય દરમિયાન... બે કે ત્રણ અઠવાડિયાં સુધી, ફક્ત આશ્રમનું જ વાતાવરણ નહીં પરંતુ પૃથ્વીનું પણ એક એવી શક્તિથી રણઝણતું હતું, ચોક્કસ, એટલા બધા તીવ્ર દિવ્ય આનંદથી, જે એટલી બધી અદ્ભુત શક્તિનું સર્જન કરે છે, કે જે વસ્તુઓ પહેલાં કરવાનું બહુ મુશ્કેલ હતું તે તાત્કાલિક બની શકયું હોત ! આખા જગત ઉપર તેના તીવ્ર પ્રત્યઘાતો ઉત્પન્ન થયા. હું ધારતી નથી કે તમારામાંનો કોઈ એક પણ આ બાબતથી સભાન હોય. તમારામાંનું કોઈ પણ મને કહી શકયું નહિ કે તે કયારે બન્યું. કહી શકયા ?

તે કયારે બન્યું ? (હાસ્ય)

મને તારીખો યાદ નથી. હું જાણતી નથી. હું તારીખો યાદ રાખતી નથી. હું તમને આશરે આ રીતે કહી શકું. (મૌન) જો હું કદાચ મારા કાગળોમાં જોઉં તો હું તારીખો શોધી શકું પણ હું તારીખો જાણતી નથી. આ બધી વસ્તુઓ મારે માટે એવી છે જે... હું એટલું જ જાણું છું કે તે

શ્રી અરવિન્દે શરીરનો ત્યાગ કર્યો તે પહેલાં બન્યું હતું. તે તેમને પહેલેથી કહેવામાં આવ્યું હતું અને તેમણે આ હકીકતને પારખેલી.

(મૌન)

અચિત્‌ની સાથે એક ભયંકર લડાઈ થઈ હતી કારણ કે જ્યારે મેં જોયું કે ગ્રહણશીલતા જેવી હોવી જોઈએ તેવી ન હતી તેથી મેં તેના માટે જવાબદારી અચિત્ ઉપર મૂકી, અને મેં ત્યાં લડાઈ આપવા પ્રયત્ન કર્યો. હું એમ નથી કહેતી કે તેનાથી કોઈ પણ પરિણામ ન આવ્યું, પરંતુ જે પરિણામ આવ્યું અને જેને માટે આશા રાખી હતી તેની વચ્ચે ઘણો તફાવત હતો.

**(શ્રી માતૃવાણી ગ્રંથ ૬ : પૃ. ૨૮૩-૨૮૪ અને ૨૮૫-૨૮૬)**

*

## ત્યાગીની શિસ્ત અને ખુશીનો ત્યાગ

**ત્યાગીની શિસ્ત આપણને આસક્તિમાંથી મુક્તિ અપાવવામાં મદદગાર નથી ?**

ના, તે તમારા ગર્વને બહેકાવે છે અને મજબૂત કરે છે.

**પરંતુ તમે કહ્યું ''આનંદપ્રમોદોનો ત્યાગ કરો.'' તો પછી...**

આનંદનો ત્યાગ કરો... પરંતુ ત્યાગીના નિયમની વ્યક્તિ આનંદનો ત્યાગ કરતી નથી ! એક આંતરિક પ્રકાશથી અને તમારા સ્વરૂપના ઊર્ધ્વીકરણથી તમને અનુભવ થાય છે કે તમારા આનંદપ્રમોદમાં કંઈ વસ્તુ જડ અને તમોગુણી છે અને તેનો ત્યાગ કરવાનો છે.

**જો અમે જડ આનંદપ્રમોદોમાં રહેલાં હોઈએ તો અમારે તેમના ઉપર કઈ રીતે વિજય મેળવવો જોઈએ ?**

પરંતુ તમે કેવળ વસ્તુઓના આનંદપ્રમોદમાં નથી રહેતા; નહિ તો હું ધારું છું કે તમે અહીં હોઈ શકો નહીં.

**પરંતુ દરેક વસ્તુ આનંદ છે, ખરું ને ? આનંદ એટલે... આનંદ. અમે સુખસગવડથી રહીએ છીએ, અમે ખાઈએ છીએ વગેરે. અને આ બધું જ આનંદ નથી ?**

(આશ્ચર્યથી) આ બધું તમે આનંદ માટે કરો છો ? (હાસ્ય) એ તમારો ખ્યાલ હોઈ શકે, મારે તમને કાંઈ કહેવાનું નથી. જો તમે ઉચ્ચતર જીવન માટે અભીપ્સા રાખતી હોય તે વસ્તુ અને બીજી વસ્તુ જે સામાન્ય જીવનની સુખસગવડવાળી લાગતી હોય તે બન્ને વચ્ચેનો ભેદ ન અનુભવી શકતા હો તો હું તમને મદદ કરી શકું નહીં. પ્રથમ તો તમારે તે વસ્તુને તમારી અંદર શોધેલી હોવી જોઈએ.

**પરંતુ બહારનું નિયમન મદદ કરતું નથી ?**

જો તમે તમારી જાત ઉપર શિસ્ત લાદો અને તે અતિશય મૂર્ખતાભર્યું ન હોય તો તમને મદદ કરે. એક શિસ્ત, તમને હું કહું કે - જે નિયમનો, તપસ્યાઓ અને સંન્યાસીઓની શિસ્તો સાધારણતયા આચરણમાં મૂકવામાં આવે છે તે તમને અભિમાની બનવાનાં શ્રેષ્ઠ સાધનો છે. તે તમારી અંદર એટલા બધા ભયંકર અભિમાનનું સર્જન કરે છે કે તમે કદી, કદી પણ રૂપાંતર

પામશો નહીં. અને તેને તમારે હથોડાના ઘા મારીને તોડવું પડશે.

પ્રથમ શરત તો તંદુરસ્ત નમનીયતા હોવી જોઈએ, જે તમને એવું ભાન કરાવે કે જો તમને ટકાવી રાખવામાં, પુષ્ટિ આપવામાં, મદદ આપવામાં કે માર્ગદર્શન આપવામાં પ્રભુ તરફથી મદદ મળતી નથી તો તમે કાંઈ પણ નથી. એ સ્થિતિ જ્યારે તમે અનુભવો, ફક્ત મગજથી જ સમજો એમ નહીં, પરંતુ છેક તમારા શરીર સુધી તમને અનુભવ થાય ત્યારે તમે સમજદાર થવાની શરૂઆત કરો છો, પણ તેની પહેલાં નહીં. (શ્રી માતૃવાણી ગ્રંથ ૬ : પૃ. ૨૯૨-૨૯૩)

*

## રાધાની પ્રાર્થના*

તું કે જેની પ્રથમ દર્શને મારા સત્ત્વના સ્વામી અને મારા પ્રભુ તરીકે મને પિછાન થઈ તે મારા નૈવેદ્યનો સ્વીકાર કર. તારા જ છે મારા સર્વ વિચારો, મારી સકળ ઊર્મિઓ, મારા હૃદયના સઘળા ભાવો, મારી બધી ઇંદ્રિયજન્ય અનુભૂતિઓ, મારા પ્રાણની તમામ ક્રિયાઓ, મારા દેહનો અણુ યે અણુ, મારા રક્તનું બિન્દુ યે બિન્દુ : બધું તારું જ છે. સર્વાંશે અને સર્વ ભાવે હું ત્વદીય છું – નિઃશેષપણે ત્વદીય છું. મારે માટે તું જે ઇચ્છા કરીશ તે હું બનીશ, જીવન કે મરણ, સુખ કે દુઃખ, હર્ષ કે શોક, જે કંઈ તું મારે માટે પસંદ કરીશ, જે કંઈ તારી પાસેથી મને આવી મળશે, તે બધું હું વધાવી લઈશ. તારી અનેક બક્ષિસોમાંની પ્રત્યેક મારે માટે સદાય પરમ આનંદ લાવનારી દિવ્ય બક્ષિસ બની રહેશે.

**શ્રી માતાજી**

*

રાધા તો ભગવાનને માટેના નિરપેક્ષ પ્રેમનું મૂર્ત સ્વરૂપ છે. રાધાનો પ્રેમ એટલે ઉચ્ચમાં ઉચ્ચ આધ્યાત્મિક ભૂમિકાથી તે છેક નીચેમાં નીચેની સ્થૂલ ભૂમિકા સુધી પ્રકૃતિમાં સઘળે વ્યાપી ગયેલો, એવો સમગ્ર પ્રેમભાવ. એ ભાવને પરિણામે નિરપેક્ષ આત્મોત્સર્ગ – સંપૂર્ણ આત્મસમર્પણ પ્રકૃતિના એકેએક ભાગમાં સ્થાપન થાય છે અને શરીરના રોમેરોમમાં તે દિવ્ય આનંદનું અવતરણ કરવાની અભીપ્સા કરે છે તથા અત્યંત જડ પદાર્થતત્ત્વમાં તેને લઈ આવે છે.

**શ્રી અરવિન્દ**

*

## રાધાકૃષ્ણની પ્રતિમા

એનું સાચું પ્રતીક માનવીય જાતિય આકર્ષણનું નહીં પરંતુ આત્માના સંબંધનું, ચૈતસિક

---

*શ્રી માતાજીએ આ પ્રાર્થના મૂળ અંગ્રેજી ભાષામાં સ્વહસ્તે લખી હતી અને બીજે દિવસે એનું ફ્રેંચ ભાષામાં ભાષાંતર કર્યું હતું. પછીથી શ્રી અરવિન્દે ફ્રેંચમાંથી અંગ્રેજી ભાષામાં ભાષાંતર કર્યું હતું. આ ગુજરાતી ભાષાંતર શ્રી અરવિન્દના અંગ્રેજી લખાણ પરથી કરવામાં આવ્યું છે. શ્રી માતાજીનું મૂળ અંગ્રેજી લખાણ Notes and Texts edition CWSA 32 : 647માં રજૂ થયેલું છે.

સંબંધનું જ હોઈ શકે. ઈશ્વરનો પુકાર સાંભળીને આત્મા સંપૂર્ણ પ્રેમ અને સમર્પણમાં વિકાસ પામે અને એને લઈને પરમાનંદની અવસ્થા પ્રાપ્ત થાય, એ જ એનું સાચું પ્રતીક છે. અને રાધા તેણે શ્રી કૃષ્ણ પોતાના દિવ્ય મિલન દ્વારા આ જ વસ્તુ માનવ ચેતનામાં સ્થાપિત કરી છે.

**શ્રી અરવિન્દ**

## રાધાકૃષ્ણનું પ્રતીક શ્રી માતાજી સમજાવે છે

...આ વસ્તુ ફરીથી આપણને કૃષ્ણ અને રાધાના પ્રતીક પરત્વે લઈ જાય છે.

શ્રી અરવિન્દ અહીં જે દિવ્ય બંસી-બજવૈયાની, એટલે કે વૈશ્વિક તેમજ અંતર્યામી પરમાત્માની વાત કરે છે તે શ્રી કૃષ્ણ છે, જે આત્માને આકર્ષતી પરમ શક્તિ છે. અને આત્મા તેમ જ ચૈતસિક વ્યક્તિતા એ રાધા છે, જે બંસી-બજવૈયાના પુકારને પ્રતિસાદ આપે છે.આજે મને આ રાધાની ચેતના વિશે કંઈક કહેવાનું જણાવવામાં આવ્યું છે, એટલે કે વ્યક્તિગત આત્મા ઈશ્વરના પુકારને કઈ રીતે પ્રત્યુત્તર આપે છે તેના વિશે મારે કંઈક કહેવાનું છે.

વાત એમ છે કે આ જ વસ્તુ શ્રી અરવિન્દે આપણે જે પ્રકરણ[1] અત્યારે વાંચી ગયાં તેમાં સમજાવેલી છે : એ છે ઈશ્વર સાથેના તાદાત્મ્ય દ્વારા, તેમ જ એ શક્તિને કરાયેલા સંપૂર્ણ સમર્પણ દ્વારા, સર્વે વસ્તુઓમાં આનંદ મેળવી લેવાની ક્ષમતા કેળવવી. મને લાગે છે કે મારે આમાં વધુ કંઈ ઉમેરવાનું રહેતું નથી...

**શ્રી માતાજી**

**રાધા**

**પ્રશ્ન : હું રાધા અને કૃષ્ણ વિશેની અમુક સુંદર કવિતાઓ શીખવાડું છું. રાધા એટલી તો જીવંત લાગે છે. આધુનિક યુગના વિદ્વાનો જણાવે છે કે કૃષ્ણપ્રણાલીમાં રાધાનો ઉમેરો તાજેતરમાં જ થયેલો છે. તમે મને જણાવી શકો કે રાધાનું અસ્તિત્વ છે કે નહિ ?**

ઉત્તર : નિશ્ચિતપણે રાધા અસ્તિત્વમાં હતી અને હજુ પણ એ જીવી રહી છે. પ્રેમ અને આશીર્વાદ

**શ્રી માતાજી**

(CWM 17 : 278)

1 The Synthesis of Yoga Cent. ed. P. 150

# પ્રતિમાઓ અને છબીઓ

## દેવતાઓ અને દેવીઓનાં રૂપો

દેવતાની બાબતે માણસ રૂપો ઘડી શકે છે, જે રૂપોનો દેવો સ્વીકાર કરશે પણ માનવના મનમાં દેવોના આ રૂપો ઘડવાની પ્રેરણા એ ભૂમિકાઓએથી આવતી હોય છે, જે ભૂમિકાઓએ દેવો રહેતા હોય છે. સર્વ સર્જનની બે બાજુઓ હોય છે. રૂપસહિત અને રૂપરહિત. દેવો પણ અરૂપ હોય છે અને છતાં તેઓ રૂપો ધારણ કરે છે, પણ દેવીઓ અનેક રૂપો ધારણ કરી શકે છે. અહીં મહાસરસ્વતી તો ત્યાં પલ્લાસ એથની. માહેશ્વરીનાં પોતાના ઓછા જાણીતા આવિર્ભાવોનાં અનેક રૂપો હોય છે.

દુર્ગા, ઉમા, પાર્વતી, ચંડી વગેરે

(CWSA 32 : 67)

*

## દેવો અને દેવીઓની પ્રતિમાઓ

''આપણે મહાસરસ્વતીની છબીઓ જોઈએ છીએ તે સાચી હોય છે ?''

આહ પ્રભુ ! (હાસ્ય) જ્યારે કોઈ નાનું બાળક કોઈ વ્યક્તિનું ચિત્ર બનાવે ત્યારે તે ચિત્ર તે વ્યક્તિને મળતું આવે છે ? આવું તે હોય છે. અથવા કેટલીક વખત તેનાથી પણ વધારે ખરાબ રીતનું ! કારણ કે બાળક ખુલ્લા દિલનું હોય છે, સચ્ચાઈવાળું, જ્યારે જે લોકો દેવ-દેવીઓનાં ચિત્રો બનાવે છે તેમાં રૂઢ ખ્યાલો અને અગાઉથી બાંધેલા વિચારો હોય છે અથવા જે કાંઈ કહેવાયું હોય તે અને શાસ્ત્રોમાં લખાયેલું હોય, તથા બીજી વ્યક્તિઓએ જોયેલું હોય તે રીતનાં ચિત્રો બને છે અને તે બધી વસ્તુઓથી લોકો બંધાયેલા હોય છે. કોઈક વખતે, અમુક સમયે કેટલાક એવા કલાકારો હોય છે જેમને આંતરિક દર્શન હોય, એક મહાન અભીપ્સા, આત્માની અને દર્શનની પવિત્રતા, તેમણે કાંઈક સારું કહી શકાય એવું બનાવ્યું હોય છે. પણ આવું તો ભાગ્યે જ બને છે અને ઘણે ભાગે હું ધારું છું કે તે બિલકુલ વિપરીત હોય છે.

આ રૂપોમાંના કેટલાંક સ્વરૂપો મેં પ્રાણિક અને માનસિક જગતોમાં જોયાં છે, જે ખરેખર માનવ-સર્જનો હોય છે. એક પરાત્પરમાંથી શક્તિ આવે છે, જે આવિર્ભાવ કરે છે, પરંતુ આ અસત્યના ત્રિવિધ જગતમાં ખરેખર માનવીએ પોતાની વધારે કે ઓછી કલ્પના પ્રમાણે ભગવાનને સર્જેલા છે - અને કેટલાંક તત્ત્વો રૂપમાં આવિર્ભાવ પામે છે અને તે માનવીના વિચારોનો ઘડાયેલો ઘાટ હોય છે અને અહીં ખરેખર એ બિહામણું હોય છે ! મેં એવી કેટલીક રચનાઓ જોયેલી છે.... (મૌન) અને આ બધી એટલી બધી તમોગ્રસ્ત, માનવામાં ન આવે તેવી, વ્યકત ન કરી શકાય તેવી હોય છે.

બીજા દેવો કરતાં કેટલાક દેવો પ્રત્યે અનિષ્ટ આચરણ કરવામાં આવે છે. દા. ત. તે બિચારી

મહાકાલી, તમે જાણો છો તેના પ્રત્યે કેવું વર્તન કરવામાં આવે છે ! તે એટલું બધું ભયંકર હોય છે તેની કલ્પના પણ ન થઈ શકે ! પરંતુ આ સ્વરૂપ ઘણા નિમ્ન જગતમાં રહે છે... હા, નિમ્નતર પ્રાણમાં. અને મૂળ સ્વરૂપની જે વસ્તુ તે ધારણ કરે છે... તે મૂળ સ્વરૂપથી એટલી બધી ભિન્ન હોય છે કે તેને ઓળખી શકાય પણ નહીં અને તેમ છતાં માનવ-સ્વભાવને આ વસ્તુ એટલી બધી આકર્ષે છે, અને જ્યારે તેની મૂર્તિ બનાવવામાં આવે છે, તમે સમજ્યા, અને પૂજારી જ્યારે એક સ્વરૂપને ઉતારે છે - જ્યારે વ્યવસ્થિત રીતે તેની વિધિપૂર્વક પૂજા કરવામાં આવે છે, ત્યારે આહ્‌વાનની આંતરિક અવસ્થામાં તે પોતાની જાતને મૂકીને દેવ-દેવીનો પ્રાદુર્ભાવ કરે છે - અને જો પૂજારીમાં આહ્‌વાન કરવાની શક્તિ હોય તો, તે શક્તિને તે મૂર્તિમાં મૂકે છે - તેમાં તે સફળ થાય છે - જો કે દરેક વસ્તુમાં અપવાદ હોય છે. આ લોકો જૂની રૂઢિના ખ્યાલોથી ટેવાયેલા હોય છે. દેવ-દેવીનું આહ્‌વાન કરવાનું હોય તેના જે દેખાવો અને ગુણો તેમને આપવામાં આવ્યાં હોય તેમનો વિચાર કરીને, ઘણે ભાગે પ્રાણમય જગતના અથવા બહુ બહુ તો માનસિક જગતનાં સત્ત્વોનું આહ્‌વાન કરે છે - નહિ કે તે મૂળ સ્વરૂપનું અને આ નાનાં નાનાં તત્ત્વો તે અથવા બીજી મૂર્તિઓમાં પ્રકટ થાય છે. નાનાં મંદિરો અથવા કુટુંબોમાં પણ કેટલાંક કુટુંબોમાં આવાં પવિત્ર સ્થાનો અથવા મૂર્તિઓ હોય છે. તમે જાણો છો, અને તેઓ આ દેવોની પૂજા કરતા હોય છે - તેમાં આ તત્ત્વો પ્રકટ થાય છે; કેટલીક વખત તેનાં પરિણામો દુર્ભાગ્યજનક હોય છે, કારણ કે આ રૂપો મૂળ દેવતા કરતાં એટલાં બધાં ભિન્ન હોય છે... તેઓ બહુ કઢંગી રચનાઓ હોય છે. કેટલાંક કુટુંબોમાં જે કાલીની પૂજા થાય છે તે કાલીઓ ખરેખર ભયંકર રાક્ષસી હોય છે !

**(શ્રી માતૃવાણી ગ્રંથ ૬ : પૃ. ૨૬૭ થી ૨૬૯)**

*

## શ્રી માતાજીની છબીઓ

**મધુર માતાજી, જ્યારે અમે તમારા ફોટા પર એકાગ્રતા કરીએ છીએ (ઘણા ફોટાઓ છે, જેમાંના દરેક ફોટામાં ભિન્ન ભિન્ન અભિવ્યક્તિ છે), ત્યારે જે ફોટા પર અમે એકાગ્રતા કરીએ, તે અનુસાર ભિન્ન ભિન્ન પરિણામો પેદા થાય છે ?**

જો તમે તે હેતુપૂર્વક કરો, તો હા, ચોક્કસ. જો તમે આ ફોટો અમુક હેતુસર અથવા પેલો ફોટો કોઈ બીજા કારણસર પસંદ કરો, તો ચોક્કસ ભિન્ન ભિન્ન પરિણામો આવે છે, દરેક ફોટો અમુક ખાસ અસર પેદા કરે છે. એ એના જેવું છે કે, તમે માતાજીની અમુક બાજુ પર એકાગ્રતા કરવાનું પસંદ કરો છો, બીજી બાજુ પર નહિ. દા. ત. તમે મહાકાલી પર, મહાલક્ષ્મી પર, અથવા મહેશ્વરી પર એકાગ્રતા કરવાનું પસંદ કરો, તો ભિન્ન-ભિન્ન પરિણામો આવે. તે તે દેવીના ગુણોને પ્રત્યુત્તર આપતો, તમારો ભાગ જાગૃત થશે અને ગ્રહણશીલ બનશે. એટલે તે એક જ વસ્તુ છે. પણ જો કોઈની પાસે એક જ ફોટો હોય, તે ગમે તે હોય, અને આ કે તે ફોટાની પસંદગી કર્યા વગર જ તેના પર એકાગ્રતા કરે, તો ફોટાનું કોઈ મહત્ત્વ નથી. કારણ કે ફોટા પર કરાતી એકાગ્રતા માણસને શક્તિ સાથે સંપર્કમાં મૂકે છે; અને સ્વયંભૂ પ્રત્યુત્તર આપનાર, દરેક

જણની બાબતમાં તે જરૂરી છે.

જ્યારે એકાગ્રતા કરનાર માણસ એકાગ્રતામાં અમુક ખાસ સંકલ્પ, અમુક ખાસ સંબંધ સાથે મૂકે છે, ત્યારે એની અસર થાય છે. નહિ તો સંબંધ વધારે સામાન્ય પ્રકારનો છે, તે એકાગ્રતા કરનાર માણસની જરૂરિયાતની અથવા અભીપ્સાની અભિવ્યક્તિ છે, જો તે તદ્દન તટસ્થ હોય, પસંદગી ન કરે, અમુક ખાસ વસ્તુ માટે અભીપ્સા ન કરે, જો તે કોરા કાગળ જેવો તદ્દન તટસ્થ હોય, તો તેને જરૂરી શક્તિઓ અને બાજુઓ તેની એકાગ્રતાને પ્રત્યુત્તર આપશે; કદાચ તે માણસ પોતે નહિ જાણે કે, પોતાને કયી ખાસ વસ્તુઓની જરૂર છે, કારણ કે બહુ થોડા લોકો પોતાની જાતથી સભાન છે. તેઓ એક અસ્પષ્ટ લાગણીમાં જીવે છે, તેમની અભીપ્સા અસ્પષ્ટ અને લગભગ પકડી ન શકાય તેવી હોય છે; તે સંગઠિત, સમન્વિત અને સંકલ્પમય, સ્પષ્ટ દર્શનવાળી નથી હોતી. દા. ત. માણસ જેમનો પરાભવ કરવા માગે છે તે મુશ્કેલીઓ, અથવા જેમને તે પ્રાપ્ત કરવા માગે છે તે શક્તિઓ; મોટે ભાગે તે ખૂબ વિકાસ પામેલી સાધનાનું પરિણામ હોય છે. પોતાને શેની જરૂર છે તે નિશ્ચિતપણે જાણવા માટે માણસે ખૂબ ચિંતન, અવલોકન, અને અધ્યયન કરેલાં હોવાં જોઈએ. નહિ તો આ છાપ બહુ ઝાંખી, અસ્પષ્ટ હોય છે. માણસ તેને પકડવાનો પ્રયત્ન કરે છે અને તે છટકી જાય છે. શું તેમ નથી હોતું ?

**(શ્રી માતૃવાણી ગ્રંથ ૭ : પૃ. ૨૭૮-૨૭૯)**

*

## મહાકાલીનું ચિત્ર

શ્યામ કાલિ એ મહાકાલિનો પ્રાણમય ભૂમિકાએ થતો આવિર્ભાવ હોય છે. — પરંતુ અધિમનસ ભૂમિકાએ મહાકાલી સુવર્ણમય હોય છે. તમને જેનું દર્શન થયું છે તે શ્રી માતાજી સ્વયં પોતાના જ્યોતિર્મય દેહમાં હતાં. મહાકાલીની શક્તિ એમની અંદર હતી, પણ મહાકાળી પોતે જ ન હતાં. (CWSA 32 : 274)

*

## મહાલક્ષ્મીનું ચિત્ર

સંગીત દિવસોમાં હંમેશાં મહાલક્ષ્મી સ્વરૂપ જ પ્રધાન હોય છે.

## શ્રી માતાજીનો પ્રકાશ

૧) એ (હીરક પ્રકાશ) તાત્ત્વિક રીતે શ્રી માતાજીની શક્તિ છે.

૨) હીરક પ્રકાશ દિવ્ય ચેતનાના હાર્દમાંથી આવે છે અને એ પોતાની સાથે દિવ્ય ચેતનાની અભિમુખતા લઈ આવે છે.

૩) હીરક પ્રકાશ સાથેનું શ્રી માતાજીનું અવતરણ એ તમારી અંદરની હિલચાલને પરમ શક્તિની મંજૂરી સૂચવે છે.

૪) શ્રી માતાજીનો હીરક પ્રકાશ એ છે સંપૂર્ણ શુદ્ધતા અને શક્તિનો પ્રકાશ.

૫) હીરક પ્રકાશ એ છે કેન્દ્રસ્થ ચેતના અને ઈશ્વરની શક્તિ.

શ્વેત પ્રકાશ : તે શ્રી માતાજીનો પ્રકાશ છે, ભાગવત ચેતનાનો, તેના મૂળ સ્વરૂપનો પ્રકાશ છે.

વાદળી પ્રકાશ : તે દિવ્ય સત્યનો, અતિમનસનો પ્રકાશ છે.

સુવર્ણ પ્રકાશ : તે દિવ્ય સત્યનો, અતિમનસનો પ્રકાશ છે.

હીરો એ છે શ્રી માતાજીની ચેતનાનું પ્રતીક. દર્શન સમયે શ્રી માતાજીની ચેતના જે વિશિષ્ટ શક્તિ આગળ કરતી હોય છે તે મુજબ એનો રંગ હોય.

શ્રી અરવિન્દ

## કૃપા અને કૃતજ્ઞતાનો સ્વીકાર કરવાની રીત કઈ ?

આહ ! પ્રથમ તો તમારે તેની જરૂરિયાત અનુભવવી જોઈએ.

આ સૌથી અગત્યનો મુદ્દો છે. તેમાં તમારામાં એક પ્રકારની આંતરિક નમ્રતા હોવી જોઈએ, જે તમને પ્રભુકૃપા વગર તમારી નિર્બળતા વિશે સભાન બનાવે કે, ખરેખર તેના વગર તમે અપૂર્ણ અને શક્તિવિહીન છો. પ્રથમ આ વસ્તુથી શરૂઆત કરવી જોઈએ.

આ એક અનુભવ છે જે દરેકને સારી રીતે થઈ શકે છે. જ્યારે તમે જુઓ કે એવા માણસો જે કાંઈ પણ જાણતા નથી અને કોઈ ખૂબ મુશ્કેલ પરિસ્થિતિઓમાં અથવા પ્રશ્નોમાં જેનો ઉકેલ લાવવો જોઈએ તેવામાં પડેલા હોય છે. મેં તમને હમણાં જ કહ્યું તે પ્રમાણે એક આવેગમાં જેના ઉપર વિજય મેળવવાનો હોય છે અથવા કોઈક એવી વસ્તુ જેણે તમને અસ્તવ્યસ્ત કર્યા હોય છે... અને પછીથી તેઓ એમ અનુભવે છે કે તેઓ ખુવાર થઈ ગેલા છે, તેઓ જાણતા નથી કે શું કરવું – તેમનું મન કે તેમની ઇચ્છાશક્તિ કે તેમની લાગણીઓ કોઈ પણ તેમને સહાય કરતાં નથી – અને તેઓ જાણતાં નથી કે શું કરવું, તે વખતે તે બની આવે છે; તેમની અંદર કાંઈક છે, એક પ્રકારનો પુકાર, કોઈક વસ્તુ, પ્રભુનું આહ્‌વાન, જે વસ્તુ પોતે કરી શકે તેમ નથી, તે પેલી વસ્તુ કરી શકે છે. પોતે ન કરી શકે માટે અભીપ્સા કરે છે. માણસ પોતે જે વસ્તુ કરવા શક્તિમાન નથી તેને માટે જે શક્તિમાન છે તેના પ્રત્યે અભીપ્સા કરે છે.

આ પ્રથમ શરત છે. અને પછીથી જો તમે સભાન બનો કે તે ફક્ત ઈશ્વરકૃપા તે કરી શકે, જે સ્થિતિમાં તમારી જાત મુકાયેલી છે, તેમાંથી ફક્ત પ્રભુકૃપા જ બહાર લાવી શકે તેમ છે, તમને ઉકેલ આપી શકે તેમ છે, અને તમને બહાર નીકળવા માટેનું બળ આપી શકે તેમ છે તો પછી સ્વાભાવિક રીતે જ તમારી અંદર એક તીવ્ર અભીપ્સા જાગ્રત થાય છે, એક ચેતના જેને લઈને તમારી અંદર ખુલ્લાપણું થાય છે. જો તમે પુકાર કરો, અભીપ્સા કરો, અને જો તમને પ્રત્યુત્તર મળવાની આશા હોય, તો ખરેખર સ્વાભાવિક રીતે જ તમે તમારી જાતને પ્રભુકૃપા પ્રત્યે ખુલ્લી કરશો.

(શ્રી માતૃવાણી ગ્રંથ ૬ : પૃ. ૩૧૧-૩૧૨)

*

# વૃત્ત વિશેષ

**ૐપુરિ ''શ્રી અરવિન્દ શિબિર''**

લાંબા સમયગાળા બાદ ૐપુરિમાં શ્રી માતાજીની કૃપાથી ''શ્રી અરવિન્દ શિબિર''નું આયોજન તા. ૨૫થી ૨૮મી ફેબ્રુઆરી ૨૦૨૧ દરમિયાન થયું. તા. ૨૫મીને ગુરુવારે શિબિરની શરૂઆત શ્રી માતાજીની ધ્વજાના આરોહણથી કરવામાં આવી. શિબિરના મુખ્ય વક્તા શ્રી શરદભાઈ જોશી, (અધ્યક્ષ, શ્રી અરવિન્દ સોસાયટી, વડોદરા શાખા) દ્વારા પ્રભુનો દિવ્ય સંકલ્પ, શ્રી અરવિન્દે આપેલ નૂતના ગાયત્રી તેમ જ અન્ય મંત્રોની સમજૂતી, ભારતીય સંસ્કૃતિના પાયા, માનવવિકાસ ચક્ર, માનવ એકતાનો આદર્શ, વેદ અને ઉપનિષદો, તથા ગીતા પર મનનીય પ્રવચનો રજૂ કરવામાં આવ્યાં હતાં. શ્રી શ્યામભાઈએ "The Mother's Symbol"નો અર્થ, તેના પ્રકાશ રંગો, દિવ્ય-ગુણો પર પ્રવચન-સત્સંગ કરાવ્યો. શ્રી ખખ્ખરસાહેબ (રાજકોટ કેન્દ્ર) દ્વારા પણ શ્રી અરવિન્દના સાહિત્ય વિશે વાર્તાલાપ થયો. તદુપરાંત ધ્વજવંદન, સૂર્યોદય સમયે શ્રી અરવિન્દના નૂતના ગાયત્રી-મંત્રનું સમૂહગાન, માર્ચ-પાસ્ટ તથા મહામંદિરમાં શ્રી માતાજીના મ્યુઝીક સાથે ધ્યાન પણ કરવામાં આવ્યું. રાત્રે સાંસ્કૃતિક કાર્યક્રમોમાં શિબિરાર્થીઓ દ્વારા ભજન, સ્તુતિ, ભાવવાહી ગીતો, હળવી રમૂજો વિગેરેના કાર્યક્રમો થયા.

તા. ૨૮મી ફેબ્રુઆરી ૨૦૨૧ને રવિવારે ''ૐપુરિ પત્રિકા'' અને "Blessings Packets"ની પ્રસાદી આપવામાં આવી. આ પ્રસંગે વલસાડના શ્રી રાજુકાકા પુરાણિકના પરિવાર દ્વારા ૐપુરિને અર્પણ કરવામાં આવેલ શ્રી અરવિન્દની આરસની પ્રતિમાનું અનાવરણ સાવરે ૧૧.૧૧ વાગ્યે મહામંદિરમાં સમાધિ સમીપ કરવામાં આવ્યું. વિદ્યાનગરના શ્રી પરમભાઈ પાઠકે શ્રી રાજુકાકા પુરાણિક અને તેમના પરિવાર વિશે ટૂંકી માહિતી આપી. આ શિબિરમાં શ્રી માતાજીની વિશેષ કૃપા બની આવી. ૨૫મી ફેબ્રુઆરી (૧૯૭૯)એ શ્રી માતાજીએ સ્વહસ્તે Blessings લખીને સહી કરી ૐપુરિને આપેલ. આ વર્ષે શિબિરનો આરંભ ૨૫ ફેબ્રુઆરીના રોજ થયો. શ્રી અરવિન્દની આરસની પ્રતિમાનું ૐપુરિમાં આવવું અને કોઈપણ આગોતરા આયોજન વગર જ એનું અનાવરણ થવું એ શ્રી માતાજીની કૃપા જ છે. શ્રી માતાજી અને શ્રી અરવિન્દના જેમણે પ્રત્યક્ષ દર્શન કરેલાં છે એવા વરિષ્ઠ સાધિકા શ્રી જસુબા (૯૧ વર્ષ) તા. ૨૮મીએ હાજર હતાં એ પણ શ્રી માતાજીની કૃપા.

શિબિરમાં ૐપુરિના ચેરમેન શ્રી લલિત ત્યાગી, સેક્રેટરી શ્રી ઋષિકેશ ઝવેરી, વ્યવસ્થાપક શ્રી પાડેજી, તેમજ સભ્ય શ્રી પ્રશાંત ચાવડા અને શ્રી શ્યામભાઈ સક્રિય રહીને પોતાનું યથાયોગ્ય પ્રદાન કર્યું. રસોડા વિભાગમાં શ્રી શિલ્પાબેન ઝવેરી અને શ્રી ક્રીનલબેન દ્વારા શુદ્ધ-સાત્વિક અને પૌષ્ટિક ભોજન પ્રસાદીની વ્યવસ્થા કરવામાં આવી. ૐપુરિના કર્મચારીગણે પણ શિબિરને સફળ બનાવવામાં વિશેષ સેવાઓ આપી.

શ્રી માતાજીએ આપેલ ૐપુરિ માટેનો મંત્ર ''ૐપુરિઃ પ્રભુ માટેનું નગર - જ્યાં આપણે પ્રભુ માટે અભીપ્સા કરીએ, પ્રભુ માટે જીવન જીવીએ, પ્રભુ માટે કાર્ય કરીએ'' એ આપણે સૌ કોઈ વાગોળતા રહીએ. (અહેવાલ : શ્રી શ્યામભાઈ)

## નવાં પ્રકાશનો

**(૧) સાવિત્રી શબ્દામૃત-૧૧** શ્રદ્ધાવાન. ભાવનુવાદ : કિરીટ ઠક્કર, પ્રકાશક : યોગયુક્તા પ્રકાશન, 'પ્રસાદ' ઈ-૧૦૨ ચંદ્રનગર કૉલોની, સુવર્ણલક્ષ્મી એપાર્ટમેન્ટ પાસે, વાઘોડિયા રોડ, વડોદરા-૩૯૦ ૦૧૯ મો. ૯૪૨૭૫૪૦૧૯૫, ૧/૮ ડેમી સાઈઝ પૃષ્ઠ સંખ્યા ૫૬૦+૧૬ સારા મેપલીથો કાગળ ઉપર ઉત્કૃષ્ટ છાપકામ. આવરણ ચિત્ર : આશ્રમ કળાકાર શ્રી પ્રીતિ ઘોષનું ચિત્ર 'સુવર્ણ વૃત્તખંડ અને એકાકી નાવિક' નું અતિશય સુંદર રંગબેરંગી છાપકામ, મૂલ્ય રૂા. ૩૦૦/-. આ ગ્રંથમાં શ્રી અરવિન્દ રચિત્ મહાકાવ્ય સાવિત્રીના પર્વ ૨, ના સર્ગ ૫ અને ૬ નો અંગ્રેજી મૂળ પાઠ, એનો પદ્યાનુવાદ અને ગદ્યાનુવાદ તથા શ્રી શ્રદ્ધાવાનજીના અંગ્રેજી મહાભાષ્યનો ગુજરાતી અનુવાદ પ્રસિદ્ધ કરવામાં આવ્યા છે. પુસ્તક પ્રકાશક, SABDA શ્રી અરવિન્દ આશ્રમ, સાવિત્રી ભવન ઑરોવિલ, શ્રી અરવિન્દ મેમોરિયલ ટ્રસ્ટ, શ્રી અરવિન્દ નિવાસ, વડોદરા, શ્રી અરવિન્દ કૃપા ટ્રસ્ટ, શ્રી માતૃભવન, સ્વસ્તિક સોસાયટી અમદાવાદ પાસેથી મેળવી શકાશે.

પુસ્તકની ભગવદર્પણ વિધિનું આયોજન ૯ ડિસેમ્બર ૨૦૨૦ના રોજ 'પ્રસાદ', ઈ-૧૦૨ ચંદ્રનગર કોલોની મુકામે કરવામાં આવ્યું હતું. સાવિત્રી શબ્દામૃત વર્તુળ'ના મુખ્ય સભ્યોના સંયુક્ત હસ્તે વિધિ સંપન્ન થઈ હતી. પ્રસંગને અનુરૂપ પોતાના ટૂંકા વકતવ્યમાં શ્રી કિરીટભાઈ ઠક્કરે જણાવ્યું હતું કે સંપૂર્ણ સાવિત્રીનું મહાભાષ્ય 'The English of Savitri' ના માધ્યમ દ્વારા પ્રસિદ્ધ કરવાની પ્રાર્થના શ્રી શ્રદ્ધાવાને શ્રી અરવિન્દ, શ્રી માતાજીનાં ચરણકમલોમાં મૂકી છે. એટલે હવે પર્વ ૨ ના બાકી સર્ગો (પર્વ ૭થી ૧૫) તથા પર્વ ૪, ૫, ૬, ૮ અને ૯ નું સંપૂર્ણ ભાષ્ય ક્રમાનુસાર પ્રકટ થતાં રહેશે. ગુજરાતી અનુવાદ પણ સાથોસાથ પ્રકટ થતાં જાય એ માટે આપણે સૌ શ્રી અરવિન્દ, શ્રી માતાજીને પ્રાર્થનાપૂર્વક પ્રણિપાત કરીએ છીએ.

**(૨) સાવિત્રી પ્રવેશિકા :** કિરીટ ઠક્કર, સાવિત્રી મહાકાવ્યનો સંક્ષિપ્ત સાર રજૂ કરતાં લખાણો, જે 'ભૂમિપુત્ર' પાક્ષિકના ૧૫ જુલાઈ, ઓગસ્ટ, સપ્ટેમ્બર, ઑકટોબરના અંકોમાં પ્રસિદ્ધ થયાં હતાં. અને લોકપ્રિય થયાં હતાં તેને લોકલાગણીને માન આપી સુધારાવધારા સહિત પુસ્તકાકારે પ્રસિદ્ધ કરવામાં આવ્યાં છે. પુસ્તકની ભગવદ્ર્પણ વિધિનું આયોજન 'Grace' ફાર્મહાઉસ ચાપડ ગામે ૧૭ જાન્યુઆરી ૨૦૨૧ના રોજ કરવામાં આવ્યું હતું. ભગવદર્પણની વિધિ 'ભૂમિપુત્ર'ના સંપાદક શ્રી રજની દવે અને એમનાં ધર્મપત્ની શ્રીમતી કામિની બહેન દવેના સંયુકત હસ્તે સંપન્ન થઈ હતી.

આ શુભ પ્રસંગે પુસ્તકના લેખક શ્રી કિરીટભાઈ ઠક્કરે સાવિત્રી મહાકાવ્યના મહત્ત્વ વિશે ટૂંકી રજૂઆત કરી તો શ્રી રજની ભાઈ દવેએ સાવિત્રી મહાકાવ્ય વિશે ગુજરાતીભાષી લોકો માટે જે સુંદર કાર્ય થઈ રહ્યું છે તેની પ્રશંસા કરી શ્રી કિરીટભાઈના સાધનાગત પ્રયત્નોને બિરદાવ્યા. સાવિત્રીવિષયક કોઈ પણ કાર્યમાં પોતાના તરફથી સંપૂણ સહકારની ખાતરી આપતાં શ્રી રજનીભાઈએ પ્રસંગે હાજર રહેલાં શ્રી માતાજીનાં બાળકોના ભક્તિભાવની મુક્તકંઠે પ્રશંસા કરી. શ્રી કલ્પેશભાઈ જોશીએ ભગવદભક્તિયુક્ત કાર્યક્રમો એમના ફાર્મ હાઉસમાં થતા રહે છે એ વિશે આનંદની લાગણી પ્રકટ કરી અને શ્રી અરવિન્દ તથા શ્રી માતાજીના કાર્ય માટે ભવિષ્યમાં પણ અનેક કાર્યક્રમો 'Grace' મુકામે આયોજિત કરવાની પોતાની તત્પરતા દર્શાવી.

સમગ્ર કાર્યક્રમનું સુચારુ સંચાલન શ્રી નરેન્દ્ર પટેલે કર્યું. એમણે જણાવ્યું હતું સાવિત્રીની પંક્તિઓમાં મંત્રની શક્તિ રહેલી છે અને એનું વાચન પરમ સત્યને પામવાની સાધકની સાધનામાં સહાયરૂપ થાય છે. સાવિત્રીશબ્દામૃતનું ભગીરથ કાર્ય શ્રી માતાજીની અસીમ કૃપાથી ચાલી રહ્યું છે. 'સાવિત્રી'ની નીચે મુજબની પંક્તિઓ ઉચ્ચારી શ્રી નરેન્દ્રભાઈએ પોતાનું વક્તવ્ય પૂર્ણ કર્યું હતુ.

**But Satavan replied with smiling lips,**
**"Lay all on her', She is the cause of all"**

(૩) **શ્રી અરવિન્દ જીવન : લે. શ્રી અંબુભાઈ પુરાણી** પ્રકાશક : શ્રી અરવિન્દ મેમોરિયલ ટ્રસ્ટ, શ્રી અરવિન્દ નિવાસ, દાંડિયા બજાર, વડોદરા-૩૯૦ ૦૦૧. ફોન : ૨૪૧૮૯૭૮ (૦૨૬૫) ૧/૮ ડેમી સાઈઝ, પૃષ્ઠ સંખ્યા ૪૧૬, સારા મેપલીથો કાગળ પર સારું છાપકામ. સુઘડ બાંધણી મૂલ્ય રૂા. ૧૭૫-૦૦ શ્રી અરવિન્દ જીવન વિશે પ્રમાણભૂત તથ્યો સમાવતું આ પુસ્તક ઘણાં વર્ષોથી અપ્રાપ્ય હતું. વર્ષો બાદ આ પુનઃ પ્રકાશન શક્ય બન્યું છે. આશા છે આ પુસ્તકને સર્વ કેન્દ્રો, સાધકો ઉમળકાભેર વધાવી લેશે.પુસ્તકપ્રાપ્તિ માટે પ્રકાશકનો સંપર્ક કરો.

# સભ્યો / ગ્રાહકોને સૂચનો

૧. 'પ્રભુ અર્પણ' - સામાન્યતઃ દર મહિનાની પાંચમી તારીખે પ્રસિદ્ધ થાય છે.

૨. અંક ચોકસાઈથી ટપાલ દ્વારા રવાના કરાય છે. છતાં ટપાલમાં ગેરવલ્લે જાય અને અંક તા. ૨૦ સુધીમાં ન મળે તો પોતાના વિભાગની પોસ્ટ ઓફિસને ફરિયાદ કરી તેની નકલ અત્રે મોકલવી. બને ત્યાં સુધી બીજી નકલ મોકલવામાં આવશે.

૩. સરનામું બદલાયાની સૂચના ૧૫ તારીખ પહેલાં પોતાના સભ્ય/ગ્રાહક નંબર સાથે આપવી.

૪. સંસ્થા સાથે મેગેઝીનને લગતા પત્રવ્યવહારમાં આપનો સભ્ય/ગ્રાહક નંબર આપવો જરૂરી છે.

૫. શ્રી અરવિન્દ સોસાયટીની વાર્ષિક સભ્ય ફી (અ.ભા.૫ માસિક સાથે)

| | | | |
|---|---|---|---|
| ૧ વર્ષ | રૂા. ૨૦૦/- | ૧૦ વર્ષ | રૂા. ૪૦૦૦/-(ડોનર મેમ્બર) |
| ૩ વર્ષ | રૂા. ૫૮૦/- | ૨૦ વર્ષ | રૂા. ૨૫,૦૦૦/- (કોર્પોરેટ મેમ્બર) |
| ૫ વર્ષ | રૂા. ૯૬૦/- | | |

૬. ભારતમાં 'પ્રભુ અર્પણ'નું ફક્ત ગ્રાહક (સભ્યપદ વગર) તરીકેનું વાર્ષિક લવાજમ રૂા. ૨૦૦/- છે.

૭. ગમે તે માસથી સભ્ય/ગ્રાહક થઈ શકાય છે. એક વર્ષથી ઓછી મુદત માટે સભ્ય/ગ્રાહક નોંધવામાં આવતા નથી.

૮. નવા સભ્ય/ગ્રાહકે લવાજમ મોકલતી વખતે ''નવા સભ્ય/ગ્રાહક છે,'' એમ લખવું.

૯. નવા અથવા જૂના સભ્યો/ગ્રાહકો પોતાનું લવાજમ પોતાના સભ્ય/ગ્રાહક નંબર સાથે રૂબરૂમાં અથવા મની ઓર્ડરથી અથવા બેન્ક ડ્રાફ્ટથી ''શ્રી અરવિન્દ સોસાયટી'' ના નામથી ભરી શકે છે. જો ચેકથી લવાજમ ભરવાનું હોય તો વાર્ષિક લવાજમ ઉપરાંત વધારાની રકમ રૂા. ૨૫/- ઉમેરી ચેક લખવો.

૧૦. લવાજમ વસુલ કરવા માટે અંક વી.પી. થી મોકલાતો નથી.

૧૧. વ્યવસ્થા અંગેનો સર્વ પત્ર વ્યવહાર :
વ્યવસ્થાપક, 'પ્રભુ અર્પણ'-રવાનગી વિભાગ, શ્રી અરવિન્દ સોસાયટી, વડોદરા શાખાના નામથી કરવો.

૧૨. જે સભ્યોનું લવાજમ પૂરું થઈ ગયું હોય તેઓએ પોતાનું લવાજમ તુર્ત મોકલી આપવું. જે કવરમાં આપને 'પ્રભુ અર્પણ' મળે છે તેની ઉપર, આપના સભ્યપદ નંબર પછી ૧, ૪, ૭, વિ. અંક દર્શાવેલા હોય છે, તે કયા માસમાં આપનું લવાજમ પૂરું થાય છે તે દર્શાવે છે. લવાજમ પૂરું થયાની સૂચના વ્યક્તિગત રીતે આપવામાં આવતી નથી.

# PRABHU ARPAN
# FORM IV

| | |
|---|---|
| **1. Place of Publication** | Vadodara |
| **2. Periodicity of Publication** | Monthly |
| **3. Printer's Name<br>Citizenship & address** | Shri Sharadchandra M. Joshi<br>Indian<br>C/o Sri Aurobindo Society,<br>Sri Aurobindo Nivas,<br>Dandia Bazar<br>Vadodara - 390 001 |
| **4. Publisher's Name<br>Citizenship & Address** | Shri Sharadchandra M. Joshi<br>Indian<br>C/o Sri Aurobindo Society,<br>Sri Aurobindo Nivas,<br>Dandia Bazar<br>Vadodara - 390 001 |
| **5. Editor's Name<br>Citizenship & Address** | Shri Kiritkumar Indravadan Thakkar<br>Indian,<br>E-102, Chandranagar Colony<br>Waghodia Road,<br>Vadodara - 390 019 |
| **6. Name and Address<br>of the Owner** | Sri Aurobindo Society<br>Vadodara Branch. |

I hereby declare that the particulars given above are ture to the best of my knowledge and belief.

Vadodara
31-3-2021

Sd/-
***(Shri Sharadchandra M. Joshi)***
Publisher

પરંતુ સાવધાન રહેજો, અને મા ભગવતીને સમજવા માટે કે એના વિશે નિર્ણય કરવા માટે તમારા નાનકડા પાર્થિવ મન વડે પ્રયત્ન કરશો નહિ. માનવનું ક્ષુદ્ર પાર્થિવ મન પોતાનાથી પર રહેલી વસ્તુઓને પણ પોતાનાં પ્રાકૃત ધારાધોરણો પ્રમાણે, પોતાના સંકુચિત તર્ક, અને સ્ખલનશીલ સંસ્કારોને આધારે, પોતાના ઉદ્ધત અને અગાધ અજ્ઞાન પ્રમાણે કે પછી પોતાના ક્ષુલ્લક, આત્મસંતોષી જ્ઞાન પ્રમાણે માપવા ચાહે છે. પોતાના અજ્ઞાનના અર્ધપ્રકાશિત કારાગારમાં પુરાયેલું માનવ મન પરા શક્તિના અનેકદેશીય મુક્ત વ્યાપારોને સમજી શકે તેમ નથી. મા ભગવતીની સૂક્ષ્મ દૃષ્ટિ અને તેની ક્રિયાઓમાં રહેલી શીઘ્રગતિ અને સંકુલતા માનવની લથડતી સમજશક્તિને કયાંયે વટાવી જાય છે! એની દિવ્ય ગતિનાં માપ તે કાંઈ માનવમનનાં માપ નથી. મા ભગવતી પોતાનાં વિધવિધ વ્યક્તિ-સ્વરૂપોને જે ઝડપથી બદલે છે, જે રીતે પોતાની ગતિમાં જૂના લયોને પડતા મૂકે છે અને નવા લયોને ઉત્પન્ન કરે છે, જે રીતે પોતાની ગતિને વધારે છે અને મંદ કરે છે, જુદી જુદી વ્યક્તિની સમસ્યાઓને તે જે જુદી જુદી રીતે હાથ ધરે છે, જે રીતે એક વાર તે અમુક દિશાને અનુસરે છે, અને બીજી વાર બીજી જ દિશા લે છે અને વળી પાછી તે બધીને એકત્ર કરી લે છે — આ બધા વ્યાપારોથી માનવબુદ્ધિ ભ્રમિત બની જાય છે, દિગ્મૂઢ બની જાય છે. અને અજ્ઞાનની મહાજાળને ભેદીને કોઈ પરમ પ્રકાશ પ્રત્યે–ઊર્ધ્વ ધામની અપૂર્વ જ્યોતિ પ્રત્યે ગરુડ વેગે ચક્કરો લેતી લેતી ગતિ કરતી પરાશક્તિની કાર્યપદ્ધતિને માનવ મન કદી સમજી શકવાનું નથી. તેથી મન વડે એને સમજવાનું બાજુએ મૂકીને તમારા અંતરાત્માને તેના પ્રત્યે અભિમુખ કરો એ વધારે સારું છે. તમારી ચૈત્ય પ્રકૃતિ વડે એનો સ્પર્શ કરીને, તમારી સૂક્ષ્મ દૃષ્ટિ વડે એનું દર્શન કરીને સંતોષ માનો. કારણ કે એ ચૈત્ય-પ્રકૃતિ અને દૃષ્ટિ જ માત્ર સત્યને સીધેસીધાં ઝીલી શકે છે. ત્યાર પછી 'મા' પોતે તમારાં મન, પ્રાણ, હૃદય અને સ્થૂલ ચેતનાને પણ તેમનામાં રહેલા ચૈત્ય અંશો દ્વારા પ્રકાશિત કરશે અને તેમની આગળ પોતાની દિવ્ય પ્રકૃતિનું અને ગતિનું જ્ઞાન પ્રગટ કરશે.

શ્રી અરવિન્દ

(વર્ષ ૦૭ : અંક ૪)

RNI NO GUJGUJ/2015/60353
RNP/VDR(E)338/2020-21
VALID UP TO 31/12/2023

વાર્ષિક લવાજમ ₹ ૨૦૦ - છૂટક અંક : ₹ ૨૦ (તા. ૧-૦૪-૨૦૨૧ થી)

શ્રી અરવિન્દ સોસાયટી, પોંડિચેરીની માસિક પત્રિકા
છૂટક અંકની કિંમત ₹ ૨૦
વાર્ષિક લવાજમ ભારતમાં ₹ ૨૦૦
વિદેશ માટે-હવાઈ માર્ગે
અમેરિકન ડોલર ૨૫ વાર્ષિક

© શ્રી અરવિન્દ આશ્રમ ટ્રસ્ટ, પોંડિચેરી-૬૦૫ ૦૦૨

પ્રકાશક :

શ્રી શરદચંદ્ર એમ. જોશી, અધ્યક્ષ,
શ્રી અરવિન્દ સોસાયટી, શ્રી અરવિન્દ નિવાસ,
દાંડિયા બજાર, વડોદરા-૩૯૦ ૦૦૧
ફોન નં. (૦૨૬૫) ૨૪૧૨૬૮૫
E-mail : sasvadodara@aurosociety.org
વેબસાઈટ : www.auronivas.org

*

મુદ્રણસ્થાન : કૈલાસ પ્રિન્ટરી, ડી-૧૨, સરદાર એસ્ટેટ,
આજવા રોડ, વડોદરા. ફોન નં. ૨૫૧૩૪૭૩ મો.૯૮૭૯૦૦૬૦૯૦
E-mail : vishal6090@gmail.com

*

તંત્રી : શ્રી કિરીટકુમાર ઇન્દ્રવદન ઠક્કર

**Published and Printed by Shri Sharadchandra M. Joshi,**
**on behalf of Sri Aurobindo Society, Vadodara**
**Published at Sri Aurobindo Nivas, Dandia Bazar, Vadodara-390001.**
**Printed at Kailas Printery D/12, Sardar Estate, Ajwa Road, Vadodara.**
**Editor : Shri Kiritkumar Indravadan Thakkar.**